શ્રીમદ્‌ભગવત્કુંદકુંદાચાર્યદેવ પ્રણીત

# અષ્ટપ્રાભૃત

(ગુજરાતી હરિગીત)



શાસનનાયક શ્રી મહાવીરસ્વામી



વિદેહીનાથ શ્રી સીમંધરસ્વામી



ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવ

વીરનો ધ્વનિ ગુરુ પરંપર જે મળેલો
પોતે વિદેહ જઈ દિવ્યધ્વનિ ઝીલેલો,
તે સંઘર્યો મુનિવરે પરમાગમોમાં,
ઉપકાર કુંદમુનિનો બહુ આ ભૂમિમાં.



પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી



પૂજ્ય બહેનશ્રી ચંપાબેન



ગદ્ય-પદ્યાનુવાદક
પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ

પ્રકાશક
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ

* ભગવાનશ્રીકુંદકુંદ-કહાનજૈનશાસ્ત્રમાળા, પુષ્પ-૧૯૬ *

ॐ

नमः सर्वज्ञवीतरागाय।

શ્રીમદ્ભગવત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત

શ્રી

# અષ્ટપ્રાભૃત

ગુજરાતી પદ્યાનુવાદ (હરિગીત)

*

સહજ ચિદાનંદ.

-: અનુવાદક :-

**પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ**
બી.એસસી.

*

-: પ્રકાશક :-

**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**

સોનગઢ—૩૬૪ ૨૫૦ (સૌરાષ્ટ્ર)

| | | |
|---|---|---|
| પ્રથમ આવૃત્તિ | પ્રત : ૨૦૦૦ | વીર સં. ૨૫૨૪ |
| દ્વિતીય આવૃત્તિ | પ્રત : ૩૦૦૦ | વીર સં. ૨૫૩૭ |


શ્રી અષ્ટપ્રાભૃત હરિગીત(ગુજરાતી)ના

**❁ સ્થાયી પ્રકાશન-પુરસ્કર્તા ❁**

**શ્રીમતી અનુબેન તથા ડો. કાંતિભાઈ અને વિજય શેઠ, મુંબઈ**

હ. મીનળબેન સુરેન્દ્રભાઈ પટેલ, સોહિણી, અદિતિ વિરાજ, પ્રીતમ તથા લાલન

આ શાસ્ત્રની પડતર કિંમત રૂા ૧૧=૪૦ થાય છે. અનેક મુમુક્ષુઓની આર્થિક સહાયથી આ આવૃત્તિની કિંમત રૂા ૧૦=૦૦ થાય છે. તેમાંથી ૫૦ % સ્વ. કંચનબેન વસંતલાલ તલાટી, દાહોદ હસ્તે સ્વ. મહેન્દ્રભાઈ, સ્વ. શરદભાઈ, સ્વ. સુભાષભાઈ, સિદ્ધાર્થભાઈ, ભદ્રેશભાઈ, સ્વ. સુલોચનાબેન તથા નિરંજનાબેન તરફથી કિંમત ઘટાડવામાં આવતા આ શાસ્ત્રની કિંમત રૂા ૫=૦૦ રાખવામાં આવી છે.

**કિંમત રૂા. ૫ =૦૦**


મુદ્રક :

**કહાન મુદ્રણાલય**

સોનગઢ-૩૬૪૨૫૦ (સૌરાષ્ટ્ર)

**PH (02846) 244081**

# પ્રકાશકીય નિવેદન

દેવાધિદેવ પરમ ભટ્ટારક શાસનનાયક શ્રી તીર્થંકર ભગવાન મહાવીરના ગુરુપરંપરાએ પ્રાપ્ત ઉપદેશથી તથા વિદેહક્ષેત્રના વિદ્યમાન તીર્થંકર શ્રી સીમંધર ભગવાન પાસેથી મળેલ સાક્ષાત્ દિવ્યધ્વનિ શ્રવણથી ભરતક્ષેત્રના સમર્થ આચાર્ય ભગવાન શ્રી કુંદકુંદાચાર્યદેવે આ પરમ અધ્યાત્મ ગ્રંથ શ્રી અષ્ટપ્રાભૃતની રચના કરી છે. આ ઉત્તમોત્તમ શ્રી અષ્ટપ્રાભૃતનો સાચો મર્મ આ કાળે આપણા પરમતારણહાર પરમોપકારી પૂજ્ય ગુરુદેવ શ્રી કાનજીસ્વામીની અકારણ કરુણાથી જ પ્રાપ્ત થયો છે. તથા તેઓશ્રીના પ્રતાપે જ મુમુક્ષુઓમાં અષ્ટપ્રાભૃતસંગ્રહ ગ્રંથનો સ્વાધ્યાય કરવાની અપૂર્વ રુચિ જાગૃત થઈ છે. તથા ઊંડા આદર્શ આત્માર્થી પંડિતરત્ન શ્રી હિંમતલાલ જે. શાહ દ્વારા પરમાગમ અષ્ટપ્રાભૃતસંગ્રહની ગાથાઓનો ગુજરાતી હરિગીતમાં પદ્યાનુવાદ થવાથી આ પરમાગમના ભાવો મુમુક્ષુ સમાજને ઘણી જ સરળતાથી સમજાયા છે.


શ્રી અષ્ટપ્રાભૃતસંગ્રહ પરમાગમ પ્રત્યે મુમુક્ષુ સમાજમાં પ્રવર્તતી ભાવભીની ભક્તિને ધ્યાનમાં લઈ શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા અષ્ટપ્રાભૃતસંગ્રહનાં હરિગીતોની સંગીતમય ઑડિયો સીડી તૈયાર કરવામાં આવી છે. આ સીડીના શ્રવણ સમયે મુમુક્ષુ સમાજના સ્વાધ્યાય હેતુ 'અષ્ટપ્રાભૃતસંગ્રહ'નું આ લઘુ પુસ્તક પ્રકાશિત કરવામાં આવ્યું છે. આશા છે કે મુમુક્ષુ સમાજ આના સ્વાધ્યાયથી નિજાત્મકલ્યાણ સાધી લાભાન્વિત થશે.

આ પુસ્તકનું સુંદર મુદ્રણ કરી આપવા બદલ અમો શ્રી કહાન મુદ્રણાલય, સોનગઢના અત્યંત આભારી છીએ.

પૂજ્ય બહેનશ્રીની ૭૯મો
સમ્યક્ત્વ-જયંતી મહોત્સવ
(ફાગણ વદ-૧૦)
તા. ૨૬-૩-૨૦૧૧

લિ.
સાહિત્યપ્રકાશનસમિતિ
શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ
સોનગઢ (સૌરાષ્ટ્ર)

શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ - ૩૬૪૨૫૦



પરમ પૂજ્ય અધ્યાત્મમૂર્તિ સદ્ગુરુદેવ શ્રી કાનજીસ્વામી

Shri Digambar Jain Swadhyay Mandir Trust, Songadh - 364250

# ✻ શ્રી સદ્ગુરુદેવ-સ્તુતિ ✻

(હરિગીત)

સંસારસાગર તારવા જિનવાણી છે નૌકા ભલી,
જ્ઞાની સુકાની મળ્યા વિના એ નાવ પણ તારે નહીં;
આ કાળમાં શુદ્ધાત્મજ્ઞાની સુકાની બહુ બહુ દોહ્યલો,
મુજ પુણ્યરાશિ ફળ્યો અહો ! ગુરુ કહાન તું નાવિક મળ્યો.

(અનુષ્ટુપ)

અહો ! ભક્ત ચિદાત્માના, સીમંધર-વીર-કુંદના !
બાહ્યાંતર વિભવો તારા, તારે નાવ મુમુક્ષુનાં.

(શિખરિણી)

સદા દૃષ્ટિ તારી વિમળ નિજ ચૈતન્ય નીરખે,
અને જ્ઞપ્તિમાંહી દરવ-ગુણ-પર્યાય વિલસે;
નિજાલંબીભાવે પરિણતિ સ્વરૂપે જઈ ભળે,
નિમિત્તો વહેવારો ચિદઘન વિષે કાંઈ ન મળે.

(શાર્દૂલવિક્રીડિત)

હૈયું 'સત સત, જ્ઞાન જ્ઞાન' ધબકે ને વજ્રવાણી છૂટે,
જે વજ્રે સુમુમુક્ષુ સત્ત્વ ઝળકે; પરદ્રવ્ય નાતો તૂટે;
—રાગદ્વેષ રુચે ન, જંપ ન વળે ભાવેંદ્રિમાં—અંશમાં,
ટંકોત્કીર્ણ અકંપ જ્ઞાન મહિમા હૃદયે રહે સર્વદા.

(વસંતતિલકા)

નિત્યે સુધાઝરણ ચંદ્ર ! તને નમું હું,
કરુણા અકારણ સમુદ્ર ! તને નમું હું;
હે જ્ઞાનપોષક સુમેઘ ! તને નમું હું,
આ દાસના જીવનશિલ્પી ! તને નમું હું.

(સ્રગ્ધરા)

ઊંડી ઊંડી, ઊંડેથી સુખનિધિ સતના વાયુ નિત્યે વહંતી,
વાણી ચિન્મૂર્તિ ! તારી ઉર-અનુભવના સૂક્ષ્મ ભાવે ભરેલી;
ભાવો ઊંડા વિચારી, અભિનવ મહિમા ચિત્તમાં લાવી લાવી,
ખોયેલું રત્ન પામું,—મનરથ મનનો; પૂરજો શક્તિશાળી !

*—રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

## ❀ જિનજીની વાણી ❀

[રાગ-આશાભર્યા અમે આવિયા]

સીમંધર મુખથી ફૂલડાં ખરે,
એની કુંદકુંદ ગૂંથે માળ રે,
જિનજીની વાણી ભલી રે.

વાણી ભલી, મન લાગે રળી,
જેમાં સાર-સમય શિરતાજ રે,
જિનજીની વાણી ભલી રે......સીમંધર૦

ગૂંથ્યાં પાહુડ ને ગૂંથ્યું પંચાસ્તિ,
ગૂંથ્યું પ્રવચનસાર રે,
જિનજીની વાણી ભલી રે.

ગૂંથ્યું નિયમસાર, ગૂંથ્યું રયણસાર,
ગૂંથ્યો સમયનો સાર રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

સ્યાદ્‌વાદ કેરી સુવાસે ભરેલો
જિનજીનો ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.

વંદું જિનેશ્વર, વંદું હું કુંદકુંદ,
વંદું એ ૐકારનાદ રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

હૈડે હજો, મારા ભાવે હજો,
મારા ધ્યાને હજો જિનવાણ રે,
જિનજીની વાણી ભલી રે.

જિનેશ્વરદેવની વાણીના વાયરા
વાજો મને દિનરાત રે,
જિનજીની વાણી ભલી રે.......સીમંધર૦

*–રચયિતા : હિંમતલાલ જેઠાલાલ શાહ*

# શ્રી અષ્ટપ્રાભૃત પરિચય

આજથી ૨૫૦૦ વર્ષ પહેલાં આ ભરતક્ષેત્રની પુણ્યભૂમિમાં જગત્પૂજ્ય પરમ ભટ્ટારક સર્વજ્ઞ ભગવાન શ્રી મહાવીરસ્વામી મોક્ષમાર્ગનો પ્રકાશ પોતાના સાતિશય દિવ્યધ્વનિ દ્વારા કરતા હતા. તેમના શાસનમાં અનેક કેવળીઓ તથા અંગજ્ઞાનના ધારક શ્રુતકેવળીઓ થયા જેમાં છેલ્લા શ્રુતકેવળી શ્રી ભદ્રબાહુસ્વામી થયા. તેમની પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યદેવ વિક્રમ સંવતની શરૂઆતમાં થયા. દિગંબરજૈન પરંપરામાં ભગવાન કુંદકુંદાચાર્યનું સ્થાન સર્વોત્કૃષ્ટ છે. ભગવાન કુંદકુદાચાર્યદેવનાં શાસ્ત્રો સાક્ષાત્ ગણધરદેવના વચનો જેટલાં જ પ્રમાણભૂત મનાય છે. તદુપરાંત તેઓશ્રીએ વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધરસ્વામીના સમવસરણમાં સદેહે જઈ, તેમનો ઉપદેશ પ્રત્યક્ષ ઝીલી તેમની પાસેથી મળેલા જ્ઞાનથી સમયસારાદિ મહાન ગ્રંથોની રચના કરી ભારતવર્ષના ભવ્યજીવોને પ્રતિબોધ કરી ભગવાન મહાવીરના સ્વાનુભૂતિપ્રધાન અધ્યાત્મ શાસનને જીવંત રાખ્યું છે.

ભગત્કુંદકુંદાચાર્યદેવપ્રણીત દર્શનપ્રાભૃત, સૂત્રપ્રાભૃત, ચારિત્રપ્રાભૃત, બોધપ્રાભૃત, ભાવપ્રાભૃત, મોક્ષપ્રાભૃત, લિંગપ્રાભૃત અને શીલપ્રાભૃત—એ આઠ પ્રાભૃત શાસ્ત્રોના સમુચ્ચયરૂપ આ ગ્રંથ 'અષ્ટપ્રાભૃત' નામથી પ્રસિદ્ધ છે. મુખ્યતયા મોક્ષમાર્ગરૂપ જિનલિંગ કે જે યથાજાતરૂપ નિર્ગ્રંથમાર્ગ છે, તે જ યથાર્થમાર્ગ છે એવા મુનિલિંગની મુખ્યતા આ આઠેય પાહુડમાં ઠેર-ઠેર દેખાય છે. કારણ કે "અંતરંગ ત્રણ કષાયની ચોકડીના અભાવરૂપ શુદ્ધિમયમાર્ગની સાથે વર્તતી કિંચિત્ અશુદ્ધિનો દેખાવ આવો જ હોય છે."

તેમાં દર્શનપ્રાભૃતમાં ધર્મના મૂળ સમાન સમ્યગ્દર્શનનનો પરમ મહિમા વર્ણવવામાં આવ્યો છે. સૂત્રપ્રાભૃતમાં જિનસૂત્રાનુસાર વર્તન જીવને હિતરૂપ છે અને જિનસૂત્રવિરુદ્ધ વર્તન અહિતરૂપ છે—એમ સંક્ષેપમાં વર્ણવ્યું છે. ચારિત્રપ્રાભૃતમાં સમ્યક્ત્વચરણ-ચારિત્ર અને સંયમચરણ ચારિત્રરૂપે ચારિત્રનું વર્ણન છે. બોધપ્રાભૃતમાં જિનપ્રતિમા, આયતન, ચૈત્યગૃહ, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અર્હંત અને પ્રવજ્યા એ અગિયાર વિષયોનું સંક્ષિપ્ત કથન છે. ભાવપ્રાભૃતમાં અનાદિકાળથી મોક્ષમાર્ગમાં ભાવલિંગવિહિન વર્તનથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવ જે અનંત દુઃખો સહન કરી રહ્યો છે તેનું હૃદયસ્પર્શી વર્ણન છે, તે દ્વારા આચાર્ય ભગવાને જીવને મોક્ષમાર્ગમાં ભાવરૂપ લિંગ ધારણ કરવાનો ઉપદેશ કર્યો છે. મોક્ષપ્રાભૃતમાં મોક્ષનો એટલે કે પરમાત્મપદનો અતિ સંક્ષેપમાં નિર્દેશ કરીને, મોક્ષપ્રાપ્તિનો ઉપાય દર્શાવ્યો છે. લિંગપ્રાભૃતમાં જે જીવ મુનિનું બાહ્યલિંગ ધારણ કરીને અતિ ભ્રષ્ટાચારીપણે વર્તે છે તેનું અતિ હીનપણું દર્શાવ્યું છે. શીલપ્રાભૃતમાં સમ્યગ્જ્ઞાન વિના જે કદી હોતું નથી એવા શીલનું વર્ણન તત્ત્વજ્ઞાનગંભીર શૈલીમાં કર્યું છે.

વિક્રમની ૨૦-૨૧મી સદીમાં થયેલા આત્મજ્ઞસંત અધ્યાત્મયુગસ્રષ્ટા પરમોપકારી પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી કે જેઓ “પૂજ્ય બહેનશ્રીના જ્ઞાનવૈભવ પ્રમાણે વિદેહક્ષેત્રના વર્તમાન તીર્થંકર સીમંધર ભગવાનની વાણી મુજબ ભરતક્ષેત્રમાં કુંદકુંદાચાર્યનું તીર્થ પ્રવર્તાવનાર છે,” તેમણે આ અદ્‌ભુત ગ્રંથ આત્મસાત કરી આ ગ્રંથ પર સ્વાનુભવરસભીના નિજાત્મકલ્યાણકારી પ્રવચનો કરી ભવ્ય જીવો પર પરમ ઉપકાર કર્યો છે. તેઓશ્રીના પ્રતાપે જ મુમુક્ષુઓને આ પરમ ગંભીર ગ્રંથનો મર્મ આ કાળે પ્રાપ્ત થયો છે.

પૂજ્ય ગુરુદેવશ્રીના શાસનમાં તેમના સદુપદેશથી પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી ચંપાબેનના વડીલબંધુ, ઊંડા આદર્શ આત્માર્થી,

પંડિતરત્ન શ્રી હિંમતલાલ જેઠાલાલ શાહ દ્વારા પૂજ્ય ગુરુદેવશ્રીની ભાવના અનુસાર તથા પૂજ્ય બહેનશ્રીની કૃપાભીની અનુમોદનાથી આ અષ્ટપ્રાભૃત ગ્રંથની મૂળ પ્રાકૃત ગાથાઓનો ભાવવાહી ગુર્જરભાષામાં પદ્યાનુવાદ 'હરિગીત' છંદમાં કરવામાં આવ્યો છે. જે સમગ્ર ભારતના તથા દેશ-વિદેશના મુમુક્ષુઓને અત્યંત ઉપકારક અને પ્રિય લાગ્યો છે.

આ અષ્ટપ્રાભૃતનો પદ્યાનુવાદ મુમુક્ષુઓને નિજાત્મકલ્યાણમાં ઉપકારી થાય તે હેતુથી શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ, સોનગઢ દ્વારા સંગીતમય રજૂ કરવામાં આવ્યો છે. આશા છે કે મુમુક્ષુ સમાજ તેનાથી અવશ્ય લાભાન્વિત થશે.

સાહિત્યપ્રકાશનસમિતિ
**શ્રી દિગંબર જૈન સ્વાધ્યાયમંદિર ટ્રસ્ટ**
સોનગઢ (સૌરાષ્ટ્ર)

સહજ ચિદાનંદ.

ॐ

# પરમાગમ શ્રી અષ્ટપ્રાભૃત

(ગુજરાતી પદ્યાનુવાદ)

## ૧. દર્શનપ્રાભૃત

આ પ્રાભૃતમાં, 'ધર્મનું મૂળ દર્શન છે'—એ રહસ્યગંભીર મહાસૂત્રથી શરૂ કરીને સમ્યગ્દર્શનનો પરમ મહિમા વર્ણવવામાં આવ્યો છે.

(હરિગીત)

પ્રારંભમાં કરીને નમન [1]જિનવરવૃષભ મહાવીરને,
સંક્ષેપથી હું યથાક્રમે ભાખીશ દર્શનમાર્ગને. ૧.

રે! ધર્મ [2]દર્શનમૂલ, ઉપદેશ્યો જિનોએ શિષ્યને;
તે ધર્મ નિજ કર્ણે સુણી દર્શનરહિત નહિ વંદ્ય છે. ૨.

[3]દ્રગ્ભ્રષ્ટ જીવો ભ્રષ્ટ છે, દ્રગ્ભ્રષ્ટનો નહિ મોક્ષ છે;
ચારિત્રભ્રષ્ટ મુકાય છે, દ્રગ્ભ્રષ્ટ નહિ મુક્તિ લહે. ૩.

સમ્યક્ત્વરત્નવિહીન જાણે શાસ્ત્ર બહુવિધને ભલે,
પણ શૂન્ય છે આરાધનાથી તેથી ત્યાં ને ત્યાં ભમે. ૪.

સમ્યક્ત્વ વિણ જીવો ભલે તપ ઉગ્ર [4]સુષ્ઠુ આચરે,
પણ લક્ષ કોટિ વર્ષમાંયે બોધિલાભ નહીં લહે. ૫.

---

૧. જિનવરવૃષભ = તીર્થંકર.
૨. દર્શનમૂલ = સમ્યગ્દર્શન જેનું મૂળ છે એવો.
૩. દ્રગ્ભ્રષ્ટ = સમ્યગ્દર્શનરહિત. ૪. સુષ્ઠુ = સારી રીતે.

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-બળ-વીર્યે અહો! વધતા રહે
કલિમલરહિત જે જીવ, તે [૧]વરજ્ઞાનને અચિરે લહે. ૬.

સમ્યક્ત્વનીરપ્રવાહ જેના હૃદયમાં નિત્યે વહે,
તસ બદ્ધકર્મો [૨]વાલુકા-આવરણ સમ ક્ષયને લહે. ૭.

દૃગ્ભ્રષ્ટ, જ્ઞાને ભ્રષ્ટ ને ચારિત્રમાં છે ભ્રષ્ટ જે,
તે ભ્રષ્ટથી પણ ભ્રષ્ટ છે ને નાશ અન્ય તણો કરે. ૮.

જે ધર્મશીલ, સંયમ-નિયમ-તપ-યોગ-ગુણ ધરનાર છે,
તેનાય ભાખી દોષ, ભ્રષ્ટ મનુષ્ય દે ભ્રષ્ટત્વને. ૯.

જ્યમ મૂળનાશે વૃક્ષના પરિવારની વૃદ્ધિ નહીં,
જિનદર્શનાત્મક મૂળ હોય વિનષ્ટ તો સિદ્ધિ નહીં. ૧૦.

જ્યમ મૂળ દ્વારા સ્કંધ ને શાખાદિ બહુગુણ થાય છે,
ત્યમ મોક્ષપથનું મૂળ જિનદર્શન કહ્યું જિનશાસને. ૧૧.

દૃગ્ભ્રષ્ટ જે નિજ પાય પાડે દૃષ્ટિના ધરનારને,
તે થાય મૂંગા, [૩]ખંડભાષી, બોધિ દુર્લભ તેમને. ૧૨.

વળી જાણીને પણ તેમને [૪]ગારવ-શરમ-ભયથી નમે,
તેનેય બોધિ-અભાવ છે પાપાનુમોદન હોઈને. ૧૩.

જ્યાં જ્ઞાન ને સંયમ [૫]ત્રિયોગે, ઉભયપરિગ્રહત્યાગ છે,
જે [૬]શુદ્ધ સ્થિતિભોજન કરે, દર્શન તદાશ્રિત હોય છે. ૧૪.

---

૧. વરજ્ઞાન = ઉત્કૃષ્ટ જ્ઞાન અર્થાત્ કેવળજ્ઞાન.

૨. વાલુકા-આવરણ = વેળુનું આવરણ; રેતીની પાળ.

૩. ખંડભાષી = અસ્પષ્ટ ભાષાવાળા; તૂટક-ભાષાવાળા.

૪. ગારવ = (રસ-ઋદ્ધિ-શાતા સંબંધી) ગર્વ; મસ્તાઈ.

૫. ત્રિયોગ = (મનવચનકાયાના) ત્રણ યોગ. ૬. શુદ્ધ સ્થિતિભોજન = ત્રણ કરણથી શુદ્ધ (કૃત-કારિત-અનુમોદન વિનાનું) એવું ઊભાં ઊભાં ભોજન.

સમ્યક્ત્વથી સુજ્ઞાન, જેથી સર્વ ભાવ જણાય છે,
ને સૌ પદાર્થો જાણતાં અશ્રેય-શ્રેય જણાય છે. ૧૫.

અશ્રેય-શ્રેયસુજાણ છોડી કુશીલ ધારે શીલને,
ને શીલફળથી હોય [1]અભ્યુદય, પછી મુક્તિ લહે. ૧૬.

જિનવચનરૂપ દવા [2]વિષયસુખરેચિકા, અમૃતમયી,
છે વ્યાધિ-મરણ-જરાદિહરણી, સર્વ દુઃખવિનાશિની. ૧૭.

છે એક [3]જિનનું રૂપ, બીજું શ્રાવકોત્તમ-લિંગ છે,
ત્રીજું કહ્યું આર્યાદિનું, ચોથું ન કોઈ કહેલ છે. ૧૮.

પંચાસ્તિકાય, છ દ્રવ્ય ને નવ અર્થ, તત્ત્વો સાત છે,
શ્રદ્ધે સ્વરૂપો તેમનાં, જાણો સુદૃષ્ટિ તેહને. ૧૯.

જીવાદિના શ્રદ્ધાનને સમ્યક્ત્વ ભાખ્યું છે જિને
વ્યવહારથી, પણ નિશ્ચયે આત્મા જ નિજ સમ્યક્ત્વ છે. ૨૦.

એ જિનકથિત દર્શનરતનને ભાવથી ધારો તમે,
ગુણરત્નત્રયમાં સાર ને જે [4]પ્રથમ શિવસોપાન છે. ૨૧.

થઈ જે શકે કરવું અને નવ થઈ શકે તે શ્રદ્ધવું;
સમ્યક્ત્વ શ્રદ્ધાવંતને સર્વજ્ઞ જિનદેવે કહ્યું. ૨૨.

દૃગ, જ્ઞાન ને ચારિત્ર, તપ, વિનયે સદાય [5]સુનિષ્ઠ જે,
તે જીવ વંદનયોગ્ય છે—[6]ગુણધર તણા [7]ગુણવાદી જે. ૨૩.

---

૧. અભ્યુદય = તીર્થંકરત્વાદિની પ્રાપ્તિ.

૨. વિષયસુખરેચિકા = વિષયસુખનું વિરેચન કરનારી.

૩. જિનનું રૂપ = જિનના રૂપ સમાન મુનિનું યથાજાત રૂપ.

૪. પ્રથમ શિવસોપાન = મોક્ષનું પહેલું પગથિયું.

૫. સુનિષ્ઠ = સુસ્થિત. ૬. ગુણધર = ગુણના ધરનારા.

૭. ગુણવાદી = ગુણોને પ્રકાશનારા.

જ્યાં રૂપ દેખી [1]સાહજિક, આદર નહીં [2]મત્સર વડે,
સંયમ તણો ધારક ભલે તે હોય પણ કુ દૃષ્ટિ છે. ૨૪.

જે [3]અમરવંદિત શીલયુત મુનિઓ તણું રૂપ જોઈને
મિથ્યાભિમાન કરે અરે! તે જીવ દૃષ્ટિવિહીન છે. ૨૫.

વંદો ન અણસંયત, ભલે હો નગ્ન પણ નહિ વંદ્ય તે;
બંને સમાનપણું ધરે, એક્કે ન સંયમવંત છે. ૨૬.

નહિ દેહ વંદ્ય, ન વંદ્ય કુલ, નહિ વંદ્ય જન જાતિ થકી;
ગુણહીન ક્યમ વંદાય? તે સાધુ નથી, શ્રાવક નથી. ૨૭.

સમ્યક્ત્વસંયુત શુદ્ધભાવે વંદું છું મુનિરાજને,
તસ બ્રહ્મચર્ય, સુશીલને, ગુણને તથા [4]શિવગમનને. ૨૮.

ચોસઠ ચમર સંયુક્ત ને ચોત્રીસ અતિશય યુક્ત જે,
બહુજીવહિતકર સતત, કર્મવિનાશકારણ-હેતુ છે. ૨૯.

સંયમ થકી, વા જ્ઞાન-દર્શન-ચરણ-તપ છે ચાર જે
એ ચાર કેરા યોગથી, મુક્તિ કહી જિનશાસને. ૩૦.

રે ! જ્ઞાન નરને સાર છે, સમ્યક્ત્વ નરને સાર છે;
સમ્યક્ત્વથી ચારિત્ર ને ચારિત્રથી મુક્તિ લહે. ૩૧.

[5]દૃગ-જ્ઞાનથી, સમ્યક્ત્વયુત ચારિત્રથી ને તપ થકી,
—એ ચારના યોગે જીવો સિદ્ધિ વરે, શંકા નથી. ૩૨.

[6]કલ્યાણશ્રેણી સાથ પામે જીવ સમકિત શુદ્ધને;
સુર-અસુર કેરા લોકમાં સમ્યક્ત્વરત્ન પુજાય છે. ૩૩.

---

૧. સાહજિક = સ્વાભાવિક; નૈસર્ગિક; યથાજાત.
૨. મત્સર = ઈર્ષા; દ્વેષ; ગુમાન.
૩. અમરવંદિત = દેવોથી વંદિત.
૪. શિવગમન = મોક્ષપ્રાપ્તિ.
૫. દૃગજ્ઞાન = દર્શન અને જ્ઞાન.
૬. કલ્યાણશ્રેણી = સુખોની પરંપરા; વિભૂતિની હારમાળા.

રે! ગોત્ર ઉત્તમથી સહિત [૧]મનુજત્વને જીવ પામીને,
સંપ્રાપ્ત કરી સમ્યક્ત્વ, અક્ષય સૌખ્ય ને મુક્તિ લહે. ૩૪.

ચોત્રીસ અતિશયયુક્ત, [૨]અષ્ટ સહસ્ર લક્ષણધરપણે
જિનચંદ્ર વિહરે જ્યાં લગી, તે [૩]બિંબ સ્થાવર ઉક્ત છે. ૩૫.

[૪]દ્વાદશ તપે સંયુક્ત, નિજ કર્મો ખપાવી વિધિબળે,
[૫]વ્યુત્સર્ગથી તનને તજી, પામ્યા [૬]અનુત્તમ મોક્ષને. ૩૬.

*

૧. મનુજત્વ = મનુષ્યપણું.
૨. અષ્ટ સહસ્ર = એક હજાર ને આઠ.
૩. બિંબ = પ્રતિમા.
૪. દ્વાદશ = બાર.
૫. વ્યુત્સર્ગથી = (શરીર પ્રત્યે) સંપૂર્ણ ઉપેક્ષાપૂર્વક.
૬. અનુત્તમ = સર્વોત્તમ.

# ૨. સૂત્રપ્રાભૃત

આ પ્રાભૃતમાં જિનસૂત્રાનુસાર વર્તન જીવને હિતરૂપ છે અને જિનસૂત્રવિરુદ્ધ વર્તન અહિતરૂપ છે—એમ સંક્ષેપમાં વર્ણવ્યું છે, તથા જિનસૂત્રકથિત મુનિલિંગાદિ ત્રણ લિંગોનું સંક્ષિપ્ત નિરૂપણ છે.

અર્હંતભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત સૂત્ર છે;
[૧]સૂત્રાર્થના [૨]શોધન વડે સાધે શ્રમણ પરમાર્થને. ૧.

સૂત્રે [૩]સુદર્શિત જેહ, તે [૪]સૂરિગણપરંપર માર્ગથી
જાણી [૫]દ્વિધા, શિવપંથ વર્તે જીવ જે તે ભવ્ય છે. ૨.

[૬]સૂત્રજ્ઞ જીવ કરે વિનષ્ટ ભવો તણા ઉત્પાદને;
ખોવાય સોય [૭]અસૂત્ર, સોય સસૂત્ર નહિ ખોવાય છે; ૩.

આત્માય તેમ [૮]સસૂત્ર નહિ ખોવાય, હો ભવમાં ભલે;
[૯]અદૃષ્ટ પણ તે સ્વાનુભવપ્રત્યક્ષથી ભવને હણે. ૪.

જિનસૂત્રમાં ભાખેલ જીવ-અજીવ આદિ પદાર્થને
હેયત્વ-અણહેયત્વ સહ જાણે, સુદૃષ્ટિ તેહ છે. ૫.

---

૧. સૂત્રાર્થ = સૂત્રોના અર્થ.
૨. શોધન = શોધવું–ખોજવું તે.
૩. સુદર્શિત = સારી રીતે દર્શાવવામાં–કહેવામાં આવેલું.
૪. સૂરિગણપરંપર માર્ગ = આચાર્યોની પરંપરામય માર્ગ.
૫. દ્વિધા = (શબ્દથી અને અર્થથી—એમ) બે પ્રકારે.
૬. સૂત્રજ્ઞ = શાસ્ત્રનો જાણનાર.
૭. અસૂત્ર = દોરા વિનાની.
૮. સસૂત્ર = શાસ્ત્રનો જાણનાર.
૯. અદૃષ્ટ પણ = દેખાતો નહિ હોવા છતાં (અર્થાત્ ઇન્દ્રિયોથી નહિ જણાતો હોવા છતાં).

જિન-ઉક્ત છે જે સૂત્ર તે વ્યવહાર ને પરમાર્થ છે;
તે જાણી યોગી સૌખ્યને પામે, [૧]દહે મળપુંજને. ૬.

[૨]સૂત્રાર્થપદથી ભ્રષ્ટ છે તે જીવ મિથ્યાદૃષ્ટિ છે;
[૩]કરપાત્રભોજન રમતમાંય ન યોગ્ય હોય [૪]સચેલને. ૭.

[૫]હરિતુલ્ય હો પણ સ્વર્ગ પામે, કોટિ કોટિ ભવે ભમે,
પણ સિદ્ધિ નવ પામે, રહે સંસારસ્થિત—આગમ કહે. ૮.

સ્વચ્છંદ વર્તે તેહ પામે પાપને મિથ્યાત્વને,
ગુરુભારધર, ઉત્કૃષ્ટ સિંહચરિત્ર, બહુતપકર ભલે. ૯.

[૬]નિશ્ચેલ-કરપાત્રત્વ પરમજિનેન્દ્રથી ઉપદિષ્ટ છે;
તે એક મુક્તિમાર્ગ છે ને શેષ સર્વ અમાર્ગ છે. ૧૦.

જે જીવ સંયમયુક્ત ને આરંભપરિગ્રહવિરત છે,
તે દેવ-દાનવ-માનવોના લોકત્રયમાં વંદ્ય છે. ૧૧.

બાવીશ પરિષહને સહે છે, [૭]શક્તિશતસંયુક્ત જે,
તે કર્મક્ષય ને નિર્જરામાં નિપુણ મુનિઓ વંદ્ય છે. ૧૨.

[૮]અવશેષ લિંગી જેહ સમ્યક્ જ્ઞાન-દર્શનયુક્ત છે
ને વસ્ત્ર ધારે જેહ, તે છે યોગ્ય ઈચ્છાકારને. ૧૩.

---

૧. દહે = બાળે.
૨. સૂત્રાર્થપદ = સૂત્રોનાં અર્થો અને પદો.
૩. કરપાત્રભોજન = હાથરૂપી પાત્રમાં ભોજન કરવું તે.
૪. સચેલ = વસ્ત્રસહિત.
૫. હરિ = નારાયણ.
૬. નિશ્ચેલ-કરપાત્રત્વ = વસ્ત્રરહિતપણું અને હાથરૂપી પાત્રમાં ભોજન કરવાપણું.
૭. શક્તિશત = સેંકડો શક્તિઓ.
૮. અવશેષ = બાકીના (અર્થાત્ મુનિ સિવાયના).

[૧]સૂત્રસ્થ સમ્યગ્દ્રષ્ટિયુત જે જીવ છોડે કર્મને,
[૨]‘ઇચ્છામિ’યોગ્ય [૩]પદસ્થ તે પરલોકગત સુખને લહે. ૧૪.

પણ આત્મને ઇચ્છ્યા વિના ધર્મો અશેષ કરે ભલે,
તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે—આગમ કહે. ૧૫.

આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,
તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૧૬.

રે! હોય નહિ [૪]બાલાગ્રની અણીમાત્ર પરિગ્રહ સાધુને;
કરપાત્રમાં પરદત્ત ભોજન એક સ્થાન વિષે કરે. ૧૭.

જન્મ્યા પ્રમાણે રૂપ, [૫]તલતુષમાત્ર કરમાં નવ ગ્રહે,
થોડુંઘણું પણ જો ગ્રહે તો પ્રાપ્ત થાય નિગોદને. ૧૮.

રે! હોય બહુ વા અલ્પ પરિગ્રહ સાધુને જેના મતે,
તે નિંદ્ય છે; જિનવચનમાં મુનિ નિષ્પરિગ્રહ હોય છે. ૧૯.

ત્રણ ગુપ્તિ, પંચ મહાવ્રતે જે યુક્ત, સંયત તેહ છે;
નિર્ગ્રંથ મુક્તિમાર્ગ છે તે; તે ખરેખર વંદ્ય છે. ૨૦.

બીજું કહ્યું છે લિંગ ઉત્તમ શ્રાવકોનું શાસને;
તે [૬]વાક્સમિતિ વા મૌનયુક્ત સપાત્ર ભિક્ષાટન કરે. ૨૧.

છે લિંગ એક સ્ત્રીઓ તણું, [૭]એકાશની તે હોય છે;
આર્યાય એક ધરે [૮]વસન, વસ્ત્રાવૃતા ભોજન કરે. ૨૨.

---

૧. સૂત્રસ્થ = શાસ્ત્રોનો જાણનાર અને યથાશક્તિ તદનુસાર વર્તનાર.

૨. ‘ઇચ્છામિ’યોગ્ય = ઇચ્છાકારને યોગ્ય.

૩. પદસ્થ = પ્રતિમાધારી. ૪. બાલાગ્ર = વાળની ટોચ.

૫. તલતુષમાત્ર = તલના ફોતરા જેટલું પણ.

૬. વાક્સમિતિ = વચનસમિતિ.

૭. એકાશની = એક વખત ભોજન કરનાર. ૮. વસન = વસ્ત્ર.

નહિ વસ્ત્રધર સિદ્ધિ લહે, તે હોય તીર્થંકર ભલે;
બસ નગ્ન મુક્તિમાર્ગ છે, બાકી બધા ઉન્માર્ગ છે. ૨૩.

સ્ત્રીને સ્તનોની પાસ, કક્ષે, યોનિમાં, નાભિ વિષે,
બહુ સૂક્ષ્મ જીવ કહેલ છે; ક્યમ હોય દીક્ષા તેમને? ૨૪.

જો હોય દર્શનશુદ્ધ તો તેનેય [1]માર્ગયુતા કહી;
છો ચરણ ઘોર ચરે છતાં સ્ત્રીને નથી દીક્ષા કહી. ૨૫.

મનશુદ્ધિ પૂરી ન નારીને, પરિણામ શિથિલ સ્વભાવથી,
વળી હોય માસિક ધર્મ, સ્ત્રીને ધ્યાન નહિ નિઃશંકથી. ૨૬.

[2]પટશુદ્ધિમાત્ર સમુદ્રજલવત્ ગ્રાહ્ય પણ અલ્પ જ ગ્રહે,
ઈચ્છા નિવર્તી જેમને, દુખ સૌ નિવર્ત્યાં તેમને. ૨૭.

❀

૧. માર્ગયુતા = માર્ગથી સંયુક્ત.
૨. પટશુદ્ધિમાત્ર = વસ્ત્ર ધોવા પૂરતું થોડું જ.

# ૩. ચારિત્રપ્રાભૃત

આ પ્રાભૃતમાં સમ્યક્ત્વચરણ-ચારિત્ર અને સંયમચરણ-ચારિત્રરૂપે ચારિત્રનું વર્ણન છે; સંયમ- ચરણને દેશસંયમચરણ અને પૂર્ણસંયમચરણ, એવા બે ભેદરૂપે વર્ણવતાં, શ્રાવકનાં બાર વ્રત, મુનિનો પંચેન્દ્રિયસંવર, મુનિનાં પાંચ મહાવ્રત, દરેક મહાવ્રતની પાંચ પાંચ ભાવના, પાંચ સમિતિ ઈત્યાદિનો નિર્દેશ કરવામાં આવ્યો છે.

સર્વજ્ઞ છે, પરમેષ્ઠી છે, નિર્મોહ ને વીતરાગ છે,
તે ત્રિજગવંદિત, ભવ્યપૂજિત અર્હતોને વંદીને; ૧.

ભાખીશ હું ચારિત્રપ્રાભૃત મોક્ષને આરાધવા,
જે હેતુ છે સુજ્ઞાન-દ્રગ-ચારિત્ર કેરી શુદ્ધિમાં. ૨.

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન ઉક્ત છે;
ને જ્ઞાન-દર્શનના સમાયોગે [૧]સુચારિત હોય છે. ૩.

આ ભાવ ત્રણ આત્મા તણા અવિનાશ તેમ [૨]અમેય છે;
એ ભાવત્રયની શુદ્ધિ અર્થે દ્વિવિધ ચરણ જિનોક્ત છે. ૪.

સમ્યક્ત્વચરણં છે પ્રથમ, જિનજ્ઞાનદર્શનશુદ્ધ જે,
બીજું ચરિત સંયમચરણ, જિનજ્ઞાનભાષિત તેય છે. ૫.

ઈમ જાણીને છોડો ત્રિવિધ યોગે સકળ શંકાદિને,
—મિથ્યાત્વમય દોષો તથા સમ્યક્ત્વમળ જિન-ઉક્તને. ૬.

નિઃશંકતા, નિઃકાંક્ષ, નિર્વિચિકિત્સ, અવિમૂઢત્વ ને
ઉપગૂહન, થિતિ, વાત્સલ્યભાવ, પ્રભાવના—ગુણ અષ્ટ છે. ૭.

તે [૩]અષ્ટગુણસુવિશુદ્ધ જિનસમ્યક્ત્વને—[૪]શિવહેતુને
આચરવું જ્ઞાન સમેત, તે સમ્યક્ત્વચરણ ચરિત્ર છે. ૮.

---

૧. સુચારિત્ર = સમ્યક્ચારિત્ર. ૨. અમેય = અમાપ.
૩. અષ્ટગુણસુવિશુદ્ધ = આઠ ગુણોથી નિર્મળ. ૪. શિવહેતુ = મોક્ષનું કારણ.

સમ્યક્ત્વચરણવિશુદ્ધ ને નિષ્પન્નસંયમચરણ જો,
નિર્વાણને અચિરે વરે અવિમૂઢદ્રષ્ટિ જ્ઞાનીઓ. ૯.

સમ્યક્ત્વચરણવિહીન છો સંયમચરણ જન આચરે,
તોપણ લહે નહિ મુક્તિને [1]અજ્ઞાનજ્ઞાનવિમૂઢ એ. ૧૦.

વાત્સલ્ય-વિનય થકી, સુદાને દક્ષ અનુકંપા થકી,
વળી [2]માર્ગગુણસ્તવના થકી, ઉપગૂહન ને સ્થિતિકરણથી; ૧૧.

—આ લક્ષણોથી તેમ [3]આર્જવભાવથી [4]લક્ષાય છે,
વણમોહ જિનસમ્યક્ત્વને આરાધનારો જીવ જે. ૧૨.

અજ્ઞાનમોહપથે કુમતમાં ભાવના, ઉત્સાહ ને
શ્રદ્ધા, સ્તવન, સેવા કરે જે, તે તજે સમ્યક્ત્વને. ૧૩.

સદ્દર્શને ઉત્સાહ, શ્રદ્ધા, ભાવના, સેવા અને
સ્તુતિ જ્ઞાનમાર્ગથી જે કરે, છોડે ન જિનસમ્યક્ત્વને. ૧૪.

અજ્ઞાન ને મિથ્યાત્વ તજ, લહી જ્ઞાન, સમકિત શુદ્ધને;
વળી મોહ તજ [5]સારંભ તું, લહીને અહિંસાધર્મને. ૧૫.

નિઃસંગ લહી દીક્ષા, પ્રવર્ત સુસંયમે, સત્તપ વિષે;
નિર્મોહ વીતરાગત્વ હોતાં ધ્યાન નિર્મળ હોય છે. ૧૬.

જે વર્તતા [6]અજ્ઞાનમોહમલે મલિન મિથ્યામતે,
તે મૂઢજીવ મિથ્યાત્વ ને મતિદોષથી બંધાય છે. ૧૭.

---

૧. અજ્ઞાનજ્ઞાનવિમૂઢ = અજ્ઞાનતત્ત્વ અને જ્ઞાનતત્ત્વનો ભેદ નહિ જાણનાર.

૨. માર્ગગુણસ્તવના = નિર્ગ્રંથ માર્ગના ગુણની પ્રશંસા.

૩. આર્જવભાવ = સરળ પરિણામ.

૪. લક્ષાય = ઓળખાય.

૫. સારંભ = આરંભયુક્ત.

૬. અજ્ઞાનમોહમલે મલિન = અજ્ઞાન અને મોહના દોષો વડે મલિન.

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વથી શ્રદ્ધા કરે, ચારિત્રદોષો પરિહરે. ૧૮.

રે! હોય છે ભાવો ત્રણે આ, મોહવિરહિત જીવને;
નિજ આત્મગુણ આરાધતો તે કર્મને [1]અચિરે તજે. ૧૯.

સંસારસીમિત નિર્જરા અણસંખ્ય-સંખ્યગુણી કરે,
સમ્યક્ત્વ આચરનાર ધીરા દુ:ખના ક્ષયને કરે. ૨૦.

સાગાર અણ-આગાર એમ દ્વિભેદ સંયમચરણ છે;
સાગાર છે સગ્રંથ, અણ-આગાર પરિગ્રહરહિત છે. ૨૧.

દર્શન, વ્રતં, સામાયિકં, પ્રોષધ, સચિત, [2]નિશિભુક્તિ ને
વળી બ્રહ્મ ને આરંભ આદિક દેશવિરતિસ્થાન છે. ૨૨.

અણુવ્રત કહ્યાં છે પાંચ ને ત્રણ ગુણવ્રતો નિર્દિષ્ટ છે,
શિક્ષાવ્રતો છે ચાર;—એ સંયમચરણ સાગાર છે. ૨૩.

ત્યાં સ્થૂલ ત્રસહિંસા-અસત્ય-અદત્તના, પરનારીના
પરિહારને, આરંભપરિગ્રહમાનને અણુવ્રત કહ્યાં. ૨૪.

દિશવિદિશગતિ-પરિમાણ હોય, અનર્થદંડ પરિત્યજે,
ભોગોપભોગ તણું કરે પરિમાણ,—ગુણવ્રત ત્રણ્ય છે. ૨૫.

સામાયિકં, વ્રત પ્રોષધં, અતિથિ તણી પૂજા અને
અંતે કરે સલ્લેખના—શિક્ષાવ્રતો એ ચાર છે. ૨૬.

શ્રાવકધરમરૂપ દેશસંયમચરણ ભાખ્યું એ રીતે;
યતિધર્મ-આત્મક પૂર્ણસંયમચરણ શુદ્ધ કહું હવે. ૨૭.

પંચેન્દ્રિસંવર, પાંચ વ્રત પચ્ચીશક્રિયાસંબદ્ધ જે,
વળી પાંચ સમિતિ, ત્રિગુપ્તિ—અણ-આગાર સંયમચરણ છે. ૨૮.

---

૧. અચિરે = અલ્પ કાળમાં.
૨. નિશિભુક્તિ = રાત્રિભોજનત્યાગ.

સુમનોજ્ઞ ને અમનોજ્ઞ જીવ-અજીવદ્રવ્યોને વિષે
કરવા ન [1]રાગવિરોધ તે પંચેન્દ્રિસંવર ઉક્ત છે. ૨૯.

હિંસાવિરામ, અસત્ય તેમ અદત્તથી વિરમણ અને
અબ્રહ્મવિરમણ, સંગવિરમણ—છે મહાવ્રત પાંચ એ. ૩૦.

મોટા પુરુષ સાધે, પૂરવ મોટા જનોએ આચર્યાં,
સ્વયમેવ વળી મોટાં જ છે, તેથી મહાવ્રત તે ઠર્યાં. ૩૧.

મન-વચનગુપ્તિ, ગમનસમિતિ, સુદાનનિક્ષેપણ અને
અવલોકીને ભોજન—અહિંસાભાવના એ પાંચ છે. ૩૨.

જે ક્રોધ, ભય ને હાસ્ય તેમ જ લોભ-મોહ—કુભાવ છે,
તેના [2]વિપર્યયભાવ તે છે ભાવના બીજા વ્રતે. ૩૩.

સૂના અગર તો ત્યક્ત સ્થાને વાસ, [3]પર-ઉપરોધ ના,
આહાર એષણશુદ્ધિયુત, સાધર્મી સહ વિખવાદ ના. ૩૪.

મહિલાનિરીક્ષણ-પૂર્વરતિસ્મૃતિ-નિકટવાસ, [4]ત્રિયાકથા,
પૌષ્ટિક રસોથી વિરતિ—તે વ્રત [5]તુર્યની છે ભાવના. ૩૫.

મનહર-અમનહર સ્પર્શ-રસ-રૂપ-ગંધ તેમ જ શબ્દમાં
કરવા ન રાગવિરોધ, વ્રત પંચમ તણી એ ભાવના. ૩૬.

ઈર્યા, સુભાષા, એષણા, આદાન ને નિક્ષેપ—એ,
સંયમ તણી શુદ્ધિ નિમિત્તે સમિતિ પાંચ જિનો કહે. ૩૭.

રે! [6]ભવ્યજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું જિન જે રીતે,
તે રીત જાણો જ્ઞાન ને [7]જ્ઞાનાત્મ આત્માને તમે. ૩૮.

---

૧. રાગવિરોધ = રાગદ્વેષ. ૨. વિપર્યયભાવ = વિપરીત ભાવ.

૩. પર-ઉપરોધ ના = બીજાને નડતર થાય એમ ન રહેવું તે.

૪. ત્રિયાકથા = સ્ત્રીકથા. ૫. તુર્ય = ચતુર્થ.

૬. ભવ્યજનબોધાર્થ = ભવ્યજનોને બોધવા માટે. ૭. જ્ઞાનાત્મ = જ્ઞાનસ્વરૂપ.

જે જાણતો જીવ-અજીવના સુવિભાગને, સદ્‌જ્ઞાની તે
રાગાદિવિરહિત થાય છે—જિનશાસને શિવમાર્ગ જે. ૩૯.

દ્રગ, જ્ઞાન ને ચારિત્ર—ત્રણ જાણો પરમ શ્રદ્ધા વડે,
જે જાણીને યોગીજનો નિર્વાણને અચિરે વરે. ૪૦.

જે જ્ઞાનજળ પીને લહે સુવિશુદ્ધ નિર્મળ પરિણતિ,
શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૪૧.

જે જ્ઞાનગુણથી રહિત, તે પામે ન લાભ સુ-ઈષ્ટને;
ગુણદોષ જાણી એ રીતે, સદ્‌જ્ઞાનને જાણો તમે. ૪૨.

જ્ઞાની ચરિત્રારૂઢ થઈ નિજ આત્મમાં પર નવ ચહે,
અચિરે લહે શિવસૌખ્ય અનુપમ એમ જાણો નિશ્ચયે. ૪૩.

વીતરાગદેવે જ્ઞાનથી સમ્યક્ત્વ-સંયમ-આશ્રયે
જે ચરણ ભાખ્યું, તે કહ્યું સંક્ષેપથી અહીં આ રીતે. ૪૪.

ભાવો વિમળ ભાવે ચરણપ્રાભૃત સુવિરચિત સ્પષ્ટ જે,
છોડી ચતુર્ગતિ શીઘ્ર પામો મોક્ષ શાશ્વતને તમે. ૪૫.

# ૪. બોધપ્રાભૃત

આયતન, ચૈત્યગૃહ, જિનપ્રતિમા, દર્શન, જિનબિંબ, જિનમુદ્રા, જ્ઞાન, દેવ, તીર્થ, અર્હંત અને પ્રવ્રજ્યા—એ અગિયાર વિષયોનું આ પ્રાભૃતમાં સંક્ષિપ્ત કથન છે. 'ભાવશ્રમણ તે આયતન છે, ભાવશ્રમણ તે ચૈત્યગૃહ છે. ભાવશ્રમણ તે જિનપ્રતિમા છે'—એવા વર્ણન-વિશેષાત્મક ખાસ એક પ્રકારથી આયતનાદિ કેટલાક વિષયોનું આમાં (જિનોક્ત) વિશિષ્ટ નિરૂપણ છે. જિનોપદિષ્ટ પ્રવ્રજ્યાનું સમ્યક્ વર્ણન ૧૭ ગાથાઓમાં સુંદર રીતે કરવામાં આવ્યું છે.

શાસ્ત્રાર્થ બહુ જાણે, [1]સુદ્રગસંયમવિમળ તપ આચરે,
[2]વર્જિતકષાય, વિશુદ્ધ છે, તે [3]સૂરિગણને વંદીને; ૧.

ષટ્કાયસુખકર કથન કરું સંક્ષેપથી, સુણજો તમે,
જે સર્વજનબોધાર્થ જિનમાર્ગે કહ્યું છે જિનવરે. ૨.

જે આયતન ને ચૈત્યગૃહ, પ્રતિમા તથા દર્શન અને
વીતરાગ જિનનું બિંબ, જિનમુદ્રા, સ્વહેતુક જ્ઞાન જે, ૩.

[4]અર્હંતદેશિત દેવ, તેમ જ તીર્થ, વળી અર્હંત ને
[5]ગુણશુદ્ધ પ્રવ્રજ્યા યથાક્રમશઃ અહીં જ્ઞાતવ્ય છે. ૪.

[6]આયત્ત છે મન-વચન-કાયા ઇન્દ્રિવિષયો જેહને,
તે સંયમીનું રૂપ ભાખ્યું આયતન જિનશાસને. ૫.

આયત્ત જસ મદ-ક્રોધ-લોભ વિમોહ-રાગ-વિરોધ છે,
ઋષિવર્ય પંચમહાવ્રતી તે આયતન નિર્દિષ્ટ છે. ૬.

---

૧. સુદ્રગસંયમવિમળ તપ = સમ્યગ્દર્શન ને સંયમથી શુદ્ધ એવું તપ.
૨. વર્જિતકષાય = કષાયરહિત. ૩. સૂરિગણ = આચાર્યોનો સમૂહ.
૪. અર્હંતદેશિત = અર્હંતભગવાને કહેલ.
૫. ગુણશુદ્ધ પ્રવ્રજ્યા = ગુણથી શુદ્ધ એવી દીક્ષા.
૬. આયત્ત = આધીન; વશીભૂત.

સુવિશુદ્ધધ્યાની, જ્ઞાનયુત, જેને સુસિદ્ધ [૧]સદર્થ છે,
મુનિવરવૃષભ તે મળરહિત સિદ્ધાયતન [૨]વિદિતાર્થ છે. ૭.

સ્વાત્મા-પરાત્મા-અન્યને જે જાણતાં જ્ઞાન જ રહે,
છે ચૈત્યગૃહ, તે જ્ઞાનમૂર્તિ, શુદ્ધ પંચમહાવ્રતે. ૮.

ચેતન સ્વયં, સુખ-દુઃખ-બંધન-મોક્ષ જેને [૩]અલ્પ છે,
ષટ્કાયહિતકર તેહ ભાખ્યું ચૈત્યગૃહ જિનશાસને. ૯.

દગ-જ્ઞાન-નિર્મળચરણધરની ભિન્ન જંગમ કાય જે,
—નિર્ગ્રંથ ને વીતરાગ, તે પ્રતિમા કહી જિનશાસને. ૧૦.

જાણે-જુએ નિર્મળ [૪]સુદગ સહ, ચરણ નિર્મળ આચરે,
તે વંદનીય નિર્ગ્રંથ-સંયતરૂપ પ્રતિમા જાણજે. ૧૧.

[૫]નિઃસીમ દર્શન-જ્ઞાન ને સુખ-વીર્ય વર્તે જેમને,
શાશ્વતસુખી, અશરીર ને કર્માષ્ટબંધવિમુક્ત જે, ૧૨.

અક્ષોભ-નિરુપમ-અચલ-ધ્રુવ, ઉત્પન્ન જંગમ રૂપથી,
તે સિદ્ધ સિદ્ધિસ્થાનસ્થિત, [૬]વ્યુત્સર્ગપ્રતિમા જાણવી. ૧૩.

દર્શાવતું સંયમ-સુદગ-સદ્ધર્મરૂપ, નિર્ગ્રંથ ને
[૭]જ્ઞાનાત્મ મુક્તિમાર્ગ, તે દર્શન કહ્યું જિનશાસને. ૧૪.

જ્યમ ફૂલ હોય સુગંધમય ને દૂધ ઘૃતમય હોય છે,
રૂપસ્થ દર્શન હોય સમ્યગ્જ્ઞાનમય એવી રીતે. ૧૫.

---

૧. સદર્થ = સત્ અર્થ.
૨. વિદિતાર્થ = જે સમસ્ત પદાર્થોને જાણે છે એવું
૩. અલ્પ = ગૌણ  ૪. સુદગ = સમ્યગ્દર્શન.
૫. નિઃસીમ = અનંત
૬. વ્યુત્સર્ગપ્રતિમા = કાયોત્સર્ગમય પ્રતિમા.
૭. જ્ઞાનાત્મ = જ્ઞાનમય.

જિનબિંબ છે, જે જ્ઞાનમય, વીતરાગ, સંયમશુદ્ધ છે,
દીક્ષા તથા શિક્ષા કરમક્ષયહેતુ આપે શુદ્ધ જે. ૧૬.

તેની કરો પૂજા, વિનય-વાત્સલ્ય-પ્રણમન તેહને,
જેને સુનિશ્ચિત જ્ઞાન, દર્શન, ચેતનાપરિણામ છે. ૧૭.

તપવ્રતગુણોથી શુદ્ધ, નિર્મળ સુદ્દગ સહ જાણે-જુએ,
દીક્ષા-સુશિક્ષાદાયિની અર્હંતમુદ્રા તેહ છે. ૧૮.

ઈન્દ્રિય-કષાયનિરોધમય મુદ્રા સુદ્દઢસંયમમયી,
—આ ઉક્ત મુદ્રા જ્ઞાનથી નિષ્પન્ન, જિનમુદ્રા કહી. ૧૯.

સંયમસહિત સદ્ધ્યાનયોગ્ય વિમુક્તિપથના લક્ષ્યને,
પામી શકે છે જ્ઞાનથી જીવ, તેથી તે જ્ઞાતવ્ય છે. ૨૦.

[1]શર-અજ્ઞ [2]વેધ્ય-અજાણ જેમ કરે ન પ્રાપ્ત નિશાનને,
અજ્ઞાની તેમ કરે ન લક્ષિત મોક્ષપથના લક્ષ્યને. ૨૧.

રે! જ્ઞાન નરને થાય છે; તે સુજન તેમ વિનીતને;
તે જ્ઞાનથી, કરી લક્ષ, પામે મોક્ષપથના લક્ષ્યને. ૨૨.

મતિ [3]ચાપ થિર, શ્રુત દોરી, જેને રત્નત્રય [4]શુભ બાણ છે,
પરમાર્થ જેનું લક્ષ્ય છે, તે મોક્ષમાર્ગે નવ ચૂકે. ૨૩.

તે દેવ, જે સુરીતે ધરમ ને અર્થ, કામ, સુજ્ઞાન દે;
તે વસ્તુ દે છે તે જ, જેને ધર્મ-દીક્ષા-અર્થ છે. ૨૪.

તે ધર્મ જેહ દયાવિમળ, દીક્ષા પરિગ્રહમુક્ત જે,
તે દેવ જે નિર્મોહ છે ને ઉદય ભવ્ય તણો કરે. ૨૫.

---

૧. શર-અજ્ઞ = બાણવિદ્યાનો અજાણ.
૨. વેધ્ય-અજાણ = નિશાનસંબંધી અજાણ.
૩. ચાપ = ધનુષ્ય.
૪. શુભ = સારું.

વ્રત-સુદ્રગનિર્મળ, ઈન્દ્રિસંયમયુક્ત ને [1]નિરપેક્ષ જે,
તે તીર્થમાં દીક્ષા-સુશિક્ષારૂપ સ્નાન કરો, મુને! ૨૬.

નિર્મળ સુદર્શન-તપચરણ-સદ્ધર્મ-સંયમ-જ્ઞાનને,
જો શાન્તભાવે યુક્ત તો, તીરથ કહ્યું જિનશાસને. ૨૭.

[2]અભિધાન-સ્થાપન-દ્રવ્ય-ભાવે, [3]સ્વીય ગુણપર્યાયથી,
અર્હંત જાણી શકાય છે આગતિ-ચ્યવન-સંપત્તિથી. ૨૮.

નિઃસીમ દર્શન-જ્ઞાન છે, [4]વસુબંધલયથી મોક્ષ છે,
નિરુપમ ગુણે આરૂઢ છે, —અર્હંત આવા હોય છે. ૨૯.

જે પુણ્ય-પાપ, જરા-જનમ-વ્યાધિ-મરણ, ગતિભ્રમણ ને
વળી દોષકર્મ હણી થયા જ્ઞાનાત્મ, તે અર્હંત છે. ૩૦.

છે સ્થાપના અર્હંતની કર્તવ્ય પાંચ પ્રકારથી,
—[5]'ગુણ', માર્ગણા, પર્યાપ્તિ તેમ જ પ્રાણ ને જીવસ્થાનથી. ૩૧.

અર્હત્ સયોગીકેવળીજિન તેરમે ગુણસ્થાન છે;
ચોત્રીશ અતિશયયુક્ત ને વસુ પ્રાતિહાર્યસમેત છે. ૩૨.

ગતિ-ઈન્દ્રિ-કાયે, યોગ-વેદ-કષાય-સંયમ-જ્ઞાનમાં,
દ્રગ-ભવ્ય-લેશ્યા-સંજ્ઞી-સમકિત-આ'રમાં એ સ્થાપવા. ૩૩.

આહાર, કાયા, ઈન્દ્રિ, શ્વાસોચ્છ્વાસ, ભાષા, મન તણી,
અર્હંત ઉત્તમ દેવ છે સમૃદ્ધ ષટ્ પર્યાપ્તિથી. ૩૪.

ઈન્દ્રિયપ્રાણો પાંચ, ત્રણ બળપ્રાણ મન-વચ-કાયના,
બે આયુ-શ્વાસોચ્છ્વાસપ્રાણો,—પ્રાણ એ દસ હોય ત્યાં. ૩૫.

માનવભવે પંચેન્દ્રિ તેથી ચૌદમે જીવસ્થાન છે;
પૂર્વોક્ત ગુણગણયુક્ત, 'ગુણ'-આરૂઢ શ્રી અર્હંત છે. ૩૬.

---

૧. નિરપેક્ષ = અભિલાષારહિત. ૨. અભિધાન = નામ.
૩. સ્વીય = પોતાના. ૪. વસુ = આઠ ૫. 'ગુણ' = ગુણસ્થાન.

વણવ્યાધિ-દુઃખ-જરા, અહાર-નિહારવર્જિત, વિમળ છે,
[1]અજુગુપ્સિતા, [2]વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ, અદોષ છે; ૩૭.

દસ પ્રાણ, ષટ્ પર્યાપ્તિ, અષ્ટ-સહસ્ર લક્ષણ યુક્ત છે,
સર્વાંગ ગોક્ષીર-શંખતુલ્ય [3]સુધવલ માંસ-રુધિર છે; ૩૮.

—આવા ગુણે સર્વાંગ અતિશયવંત, [4]પરિમલમ્હેકતી,
ઔદારિકી કાયા અહો ! અર્હત્પુરુષની જાણવી. ૩૯.

મદરાગદ્વેષવિહીન, [5]ત્યક્તકષાયમળ સુવિશુદ્ધ છે,
મનપરિણમનપરિમુક્ત, [6]કેવળભાવસ્થિત અર્હંત છે. ૪૦.

દેખે દરશથી, જ્ઞાનથી જાણે દરવ-પર્યાયને,
સમ્યક્ત્વગુણસુવિશુદ્ધ છે,—અર્હંતનો આ ભાવ છે. ૪૧.

મુનિ શૂન્યગૃહ, તરુતલે વસે, [7]ઉદ્યાન વા સમશાનમાં,
[8]ગિરિકંદરે, ગિરિશિખર પર, વિકરાળ વન વા વસતિમાં. ૪૨.

નિજવશ શ્રમણના વાસ, તીરથ, શાસ્ત્રચૈત્યાલય અને
જિનભવન મુનિનાં લક્ષ્ય છે—જિનવર કહે જિનશાસને. ૪૩.

પંચેન્દ્રિસંયમવંત, પંચમહાવ્રતી, નિરપેક્ષ ને
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત મુનિવરવૃષભ ઈચ્છે તેમને. ૪૪.

ગૃહ-ગ્રંથ-મોહવિમુક્ત છે, પરિષહજયી, અકષાય છે,
છે મુક્ત પાપારંભથી,—દીક્ષા કહી આવી જિને. ૪૫.

---

૧. અજુગુપ્સિતા = જેના પ્રત્યે જુગુપ્સા ન થાય એવી.
૨. વણનાસિકામળ-શ્લેષ્મ-સ્વેદ = નાકના મેલથી, કફથી ને પરસેવાથી રહિત.
૩. સુધવલ = ધોળું. ૪. પરિમલ = સુગંધ.
૫. ત્યક્તકષાયમળ = કષાયમળ રહિત.
૬. કેવળ = એકલો; નિર્ભેળ; શુદ્ધ.
૭. ઉદ્યાન = બગીચો. ૮. ગિરિકંદર = પર્વતની ગુફા.

ધન-ધાન્ય-[૩]પટ, [૪]કંચન-રજત, આસન-શયન, છત્રાદિનાં
સર્વે કુદાન વિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૪૬.

નિંદા-પ્રશંસા, શત્રુ-મિત્ર, અલબ્ધિ ને [૫]લબ્ધિ વિષે,
તૃણ-કંચને સમભાવ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૭.

નિર્ધન-સધન ને ઉચ્ચ-મધ્યમ [૬]સદન અનપેક્ષિતપણે
સર્વત્ર [૭]પિંડ ગ્રહાય છે,—દીક્ષા કહી આવી જિને. ૪૮.

નિર્ગ્રંથ ને નિઃસંગ [૮]નિર્માનાશ, નિરહંકાર છે,
નિર્મમ, અરાગ, અદ્વેષ છે,—દીક્ષા કહી આવી જિને. ૪૯.

નિઃસ્નેહ, નિર્ભય, નિર્વિકાર, અકલુષ ને નિર્મોહ છે,
આશારહિત, નિર્લોભ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૦.

જન્મ્યા પ્રમાણે રૂપ, [૯]લંબિતભુજ, [૧૦]નિરાયુધ, શાંત છે,
પરકૃત [૧૧]નિલયમાં વાસ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૧.

ઉપશમ-ક્ષમા-[૧૨]દમયુક્ત, તનસંસ્કારવર્જિત [૧૩]રૂક્ષ છે,
મદ-રાગ-દ્વેષવિહીન છે,—દીક્ષા કહી આવી જિને. ૫૨.

જ્યાં મૂઢતા-મિથ્યાત્વ નહિ, જ્યાં કર્મ અષ્ટ વિનષ્ટ છે,
સમ્યક્ત્વગુણથી શુદ્ધ છે,—દીક્ષા કહી આવી જિને. ૫૩.

નિર્ગ્રંથ દીક્ષા છે કહી ષટ્ સંહનનમાં જિનવરે;
ભવિ પુરુષ ભાવે તેહને; તે કર્મક્ષયનો હેતુ છે. ૫૪.

---

૩. પટ = વસ્ત્ર. ૪. કંચન-રજત = સોનું-રૂપું.
૫. લબ્ધિ = લાભ. ૬. સદન = ઘર.
૭. પિંડ = આહાર. ૮. નિર્માનાશ = માન ને આશા રહિત.
૯. લંબિતભુજ = નીચે લટકતા હાથવાળી. ૧૦. નિરાયુધ = શસ્ત્રરહિત.
૧૧ નિલય = રહેઠાણ. ૧૨. દમ = ઇન્દ્રિયનિગ્રહ.
૧૩. રૂક્ષ = તેલમર્દન રહિત.

તલતુષપ્રમાણ ન બાહ્ય પરિગ્રહ, રાગ તત્સમ છે નહીં;
—આવી પ્રવ્રજ્યા હોય છે સર્વજ્ઞજિનદેવે કહી. ૫૫.

ઉપસર્ગ-પરિષહ મુનિ સહે, નિર્જન સ્થળે નિત્યે રહે,
સર્વત્ર કાષ્ઠ, શિલા અને ભૂતલ ઉપર સ્થિતિ તે કરે. ૫૬.

સ્ત્રી-[1]ષંઢ-પશુ-[2]દુઃશીલનો નહિ સંગ, નહિ વિકથા કરે,
સ્વાધ્યાય-ધ્યાને યુક્ત છે,—દીક્ષા કહી આવી જિને. ૫૭.

તપવ્રતગુણોથી શુદ્ધ, સંયમ-સુદગગુણસુવિશુદ્ધ છે,
છે ગુણવિશુદ્ધ,—સુનિર્મળા દીક્ષા કહી આવી જિને. ૫૮.

સંક્ષેપમાં આયતનથી [3]દીક્ષાંત ભાવ અહીં કહ્યા,
જ્યમ શુદ્ધસમ્યગ્દરશયુત નિર્ગ્રંથ જિનપથ વર્ણવ્યા. ૫૯.

રૂપસ્થ [4]સુવિશુદ્ધાર્થ વર્ણન જિનપથે જ્યમ જિન કર્યું,
ત્યમ ભવ્યજનબોધન-અરથ ષટ્કાયહિતકર અહીં કહ્યું. ૬૦.

જિનકથન ભાષાસૂત્રમય શાબ્દિક-વિકારરૂપે થયું;
તે જાણ્યું શિષ્યે ભદ્રબાહુ તણા અને એમ જ કહ્યું. ૬૧.

[5]જસ બોધ દ્વાદશ અંગનો, [6]ચઉદશપૂરવ-વિસ્તારનો,
જય હો [7]શ્રુતંધર ભદ્રબાહુ ગમકગુરુ ભગવાનનો. ૬૨.

❀

૧. ષંઢ = નપુંસક.
૨. દુઃશીલ = કુશીલ જનો.
૩. દીક્ષાંત = પ્રવ્રજ્યા સુધીના.
૪. સુવિશુદ્ધાર્થ = જેમાં શુદ્ધ સ્વરૂપ કહેલું છે એવું; તાત્ત્વિક.
૫. જસ = જેમને. ૬. ચઉદશ = ચૌદ.
૭. શ્રુતંધર = શ્રુતજ્ઞાની.

# ૫. ભાવપ્રાભૃત

અનાદિકાળથી ચાર ગતિમાં પરિભ્રમણ કરતાં જીવ જે અનંત દુઃખો સહન કરી રહ્યો છે તેનું હૃદયસ્પર્શી વર્ણન આ પ્રાભૃતમાં કર્યું છે, અને તે દુઃખોથી છૂટવા માટે શુદ્ધ ભાવે પરિણમીને ભાવલિંગી મુનિદશા પ્રગટ કર્યા સિવાય અન્ય કોઈ ઉપાય નથી એમ વિશદપણે વર્ણવ્યું છે. તે માટે શુદ્ધભાવશૂન્ય દ્રવ્યમુનિલિંગ અકાર્યકારી છે એમ સ્પષ્ટપણે દર્શાવવામાં આવ્યું છે. આ પ્રાભૃત અતિ વૈરાગ્યપ્રેરક અને ભાવવાહી છે તેમ જ શુદ્ધ ભાવ પ્રગટ કરવાના સમ્યક્ પુરુષાર્થ પ્રત્યે જીવને સચેત કરનાર છે.

સુર-અસુર-નરપતિવંદ્ય જિનવર-ઈન્દ્રને, શ્રી સિદ્ધને,
મુનિ શેષને શિરસા નમી કહું ભાવપ્રાભૃત-શાસ્ત્રને. ૧.

છે ભાવ પરથમ લિંગ, દ્રવમય લિંગ નહિ પરમાર્થ છે;
ગુણદોષનું કારણ કહ્યો છે ભાવને શ્રી જિનવરે. ૨.

રે! ભાવશુદ્ધિનિમિત્ત બાહિર-ગ્રંથ ત્યાગ કરાય છે;
છે [1]વિફળ બાહિર-ત્યાગ [2]આંતર-ગ્રંથથી સંયુક્તને. ૩.

છો કોટિકોટિ ભવો વિષે નિર્વસ્ત્ર [3]લંબિતકર રહી
પુષ્કળ કરે તપ, તોય ભાવવિહીનને સિદ્ધિ નહીં. ૪.

પરિણામ હોય અશુદ્ધ ને જો બાહ્ય ગ્રંથ પરિત્યજે,
તો શું કરે એ બાહ્યનો પરિત્યાગ ભાવવિહીનને? ૫.

છે ભાવ પરથમ, ભાવવિરહિત લિંગથી શું કાર્ય છે?
હે પથિક! શિવનગરી તણો પથ [4]યત્નપ્રાપ્ય કહ્યો જિને. ૬.

સત્પુરુષ! કાળ અનાદિથી નિઃસીમ આ સંસારમાં
બહુ વાર ભાવ વિના બહિર્નિર્ગ્રંથ રૂપ ગ્રહ્યાં-તજ્યાં. ૭.

---

૧. વિફળ = નિષ્ફળ. ૨. આંતર-ગ્રંથ = અભ્યંતર પરિગ્રહ.
૩. લંબિતકર = નીચે લટકાવેલા હાથવાળા.
૪. યત્ન = પ્રયત્ન; (શુદ્ધભાવરૂપ) ઉદ્યમ.

ભીષણ નરક, તિર્યંચ તેમ કુદેવ-માનવજન્મમાં,
તેં જીવ! તીવ્ર દુખો સહ્યાં; તું ભાવ રે! જિનભાવના. ૮.

ભીષણ સુતીવ્ર અસહ્ય દુઃખો સપ્ત નરકાવાસમાં
બહુ દીર્ઘ કાળપ્રમાણ તેં વેદ્યાં, [1]અછિન્નપણે સહ્યાં. ૯.

રે ! ખ[2]નન-ઉ[3]ત્તાપન-પ્ર[4]જાલન-[5]વીજન-[6]છેદ-[7]નિરોધનાં
ચિરકાળ પામ્યો દુઃખ ભાવવિહીન તું તિર્યંચમાં. ૧૦.

તેં સહજ, કાયિક, માનસિક, [8]આગંતુ—ચાર પ્રકારનાં
દુઃખો લહ્યાં નિઃસીમ કાળ મનુષ્ય કેરા જન્મમાં. ૧૧.

સુર-અપ્સરાના વિરહકાળે હે મહાયશ ! સ્વર્ગમાં
[9]શુભભાવનાવિરહિતપણે તેં તીવ્ર [10]માનસ દુખ સહ્યાં. ૧૨.

તું સ્વર્ગલોકે હીન દેવ થયો, દરવલિંગીપણે
કાંદર્પી-આદિક પાંચ બૂરી ભાવનાને ભાવીને. ૧૩.

બહુ વાર કાળ અનાદિથી પાર્શ્વસ્થ-આદિક ભાવના
તેં ભાવીને દુર્ભાવનાત્મક બીજથી દુઃખો લહ્યાં. ૧૪.

રે! હીન દેવ થઈ તું પામ્યો તીવ્ર માનસ દુઃખને,
દેવો તણા ગુણવિભવ, ઋદ્ધિ, મહાત્મ્ય બહુવિધ દેખીને. ૧૫.

---

૧. અછિન્ન = સતત; નિરંતર.
૨. ખનન = ખોદવાની ક્રિયા.
૩. ઉત્તાપન = તપાવવાની ક્રિયા.
૪. પ્રજાલન = પ્રજાળવાની ક્રિયા.
૫. વીજન = પંખાથી પવન નાખવાની ક્રિયા.
૬. છેદ = કાપવાની ક્રિયા. ૭. નિરોધ = બંધનમાં રાખવાની ક્રિયા.
૮. આગંતુ = આગંતુક; બહારથી આવી પડેલ.
૯. શુભભાવના = સારી ભાવના અર્થાત્ શુદ્ધ પરિણતિ.
૧૦. માનસ = માનસિક.

મદમત્ત ને આસક્ત ચાર પ્રકારની વિકથા મહીં,
[1]બહુશઃ કુદેવપણું લહ્યું તેં, અશુભ ભાવે પરિણમી. ૧૬.

હે મુનિપ્રવર! તું ચિર વસ્યો બહુ જનનીના ગર્ભોપણે
નિકૃષ્ટમળભરપૂર, અશુચિ, બીભત્સ ગર્ભાશય વિષે. ૧૭.

જન્મો અનંત વિષે અરે! જનની અનેરી અનેરીનું
સ્તનદૂધ તેં પીધું મહાયશ! [2]ઉદધિજળથી અતિ ઘણું. ૧૮.

તુજ મરણથી દુઃખાર્ત બહુ જનની અનેરી અનેરીનાં
નયનો થકી જળ જે વહ્યાં તે ઉદધિજળથી અતિ ઘણાં. ૧૯.

નિઃસીમ ભવમાં ત્યક્ત તુજ નખ-નાળ-અસ્થિ-કેશને
સુર કોઈ એકત્રિત કરે તો [3]ગિરિઅધિક રાશિ બને. ૨૦.

જલ-થલ-અનલ-પવને, નદી-ગિરિ-આભ-વન-વૃક્ષાદિમાં
વણ આત્મવશતા ચિર વસ્યો સર્વત્ર તું ત્રણ ભુવનમાં. ૨૧.

ભક્ષણ કર્યાં તેં લોકવર્તી પુદ્‌ગલોને સર્વને,
ફરી ફરી કર્યાં ભક્ષણ છતાં પામ્યો નહીં તું તૃપ્તિને. ૨૨.

પીડિત તૃષાથી તેં પીધાં છે સર્વ [4]ત્રિભુવનનીરને,
તોપણ તૃષા છેદાઈ ના; ચિંતવ અરે! [5]ભવછેદને. ૨૩.

હે ધીર! હે મુનિવર! ગ્રહ્યાં-છોડ્યાં શરીર અનેક તેં,
તેનું નથી પરિમાણ કંઈ નિઃસીમ ભવસાગર વિષે. ૨૪.

---

૧. બહુશઃ = અનેક વાર.

૨. ઉદધિજળ = સમુદ્રનું પાણી.

૩. ગિરિઅધિક રાશિ = પર્વતથી પણ વધુ મોટો ઢગલો.

૪. ત્રિભુવનનીર = ત્રણ લોકનું બધું પાણી.

૫. ભવછેદ = ભવનો નાશ.

[1]વિષ-વેદનાથી, રક્તક્ષય-ભય-શસ્ત્રથી, સંક્લેશથી,
આયુષ્યનો ક્ષય થાય છે [2]આહાર-શ્વાસનિરોધથી; ૨૫.

હિમ-અગ્નિ-જળથી, [3]ઉચ્ચ-પર્વતવૃક્ષરોહણપતનથી,
અન્યાય-રસવિજ્ઞાન-યોગપ્રધારણાદિ પ્રસંગથી. ૨૬.

હે મિત્ર! એ રીત જન્મીને ચિર કાળ નર-તિર્યંચમાં,
બહુ વાર તું પામ્યો મહાદુખ આકરાં અપમૃત્યુનાં. ૨૭.

છાસઠ હજાર ત્રિશત અધિક છત્રીશ તેં મરણો કર્યાં
અંતર્મુહૂર્તપ્રમાણ કાળ વિષે નિગોદનિવાસમાં. ૨૮.

રે! જાણ એંશી સાઠ ચાળીશ ક્ષુદ્રભવ વિકલેંદ્રિના,
અંતર્મુહૂર્તે ક્ષુદ્રભવ ચોવીશ પંચેન્દ્રિય તણા. ૨૯.

વણ રત્નત્રયપ્રાપ્તિ તું એ રીત દીર્ઘ સંસારે ભમ્યો,
—ભાખ્યું જિનોએ આમ; તેથી રત્નત્રયને આચરો. ૩૦.

નિજ આત્મમાં રત જીવ જે તે પ્રગટ સમ્યગ્દ્રષ્ટિ છે,
[4]તદ્બોધ છે સુજ્ઞાન, ત્યાં ચરવું [5]ચરણ છે;—માર્ગ એ. ૩૧.

હે જીવ! [6]કુમરણમરણથી તું મર્યો અનેક ભવો વિષે;
તું ભાવ સુમરણમરણને [7]જર-મરણના હરનારને. ૩૨.

ત્રણ લોકમાં પરમાણુ સરખું સ્થાન કોઈ રહ્યું નથી,
જ્યાં દ્રવ્યશ્રમણ થયેલ જીવ મર્યો નથી, જન્મ્યો નથી. ૩૩.

---

૧. વિષ-વેદનાથી = ઝેર ખાવાથી તથા પીડાથી.
૨. આહાર-શ્વાસનિરોધ = આહારનો ને શ્વાસનો નિરોધ.
૩. ઉચ્ચ-પર્વતવૃક્ષરોહણપતનથી = ઊંચા પર્વત ને વૃક્ષ પર ચડતાં પડી જવાથી.
૪. તદ્બોધ = તેનું જ્ઞાન; નિજ આત્માને જાણવું તે.
૫. ચરણ = ચારિત્ર; સમ્યક્ચારિત્ર.
૬. કુમરણમરણ = કુમરણરૂપ મરણ. ૭. જર = જરા.

જીવ [1]જનિ-જરા-મૃતતપ્ત કાળ અનંત પામ્યો દુઃખને,
જિનલિંગને પણ ધારી [2]પારંપર્યભાવવિહીનને. ૩૪.

પ્રતિદેશ-પુદ્‌ગલ-કાળ-આયુષ-નામ-પરિણામસ્થ તેં
[3]બહુશઃ શરીર ગ્રહ્યાં-તજ્યાં નિઃસીમ ભવસાગર વિષે. ૩૫.

ત્રણશત-અધિક ચાળીસ-ત્રણ રજ્જુપ્રમિત આ લોકમાં
તજી આઠ કોઈ પ્રદેશ ના, પરિભ્રમિત નહિ આ જીવ જ્યાં. ૩૬.

પ્રત્યેક અંગુલ છન્નું જાણો રોગ માનવદેહમાં;
તો કેટલા રોગો, કહો, આ અખિલ દેહ વિષે, ભલા! ૩૭.

એ રોગ પણ સઘળા સહ્યા તેં પૂર્વભવમાં પરવશે;
તું સહી રહ્યો છે આમ, યશધર! અધિક શું કહીએ તને? ૩૮.

મળ-મૂત્ર-[4]શોણિત-પિત્ત, [5]કરમ, બરોળ, [6]યકૃત, [7]આંત્ર જ્યાં,
ત્યાં માસ નવ-દશ તું વસ્યો બહુ વાર જનની-ઉદરમાં. ૩૯.

જનની તણું ચાવેલ ને ખાધેલ એઠું ખાઈને,
તું જનની કેરા જઠરમાં વમનાદિમધ્યે વસ્યો અરે! ૪૦.

તું અશુચિમાં લોટ્યો ઘણું શિશુકાળમાં અણસમજમાં,
મુનિવર! અશુચિ આરોગી છે બહુ વાર તેં બાલત્વમાં. ૪૧.

[8]પલ-પિત્ત-શોણિત-આંત્રથી દુર્ગંધ શબ સમ જ્યાં સ્રવે,
ચિંતવ તું [9]પીપ-વસાદિ-અશુચિભરેલ કાયાકું ભને. ૪૨.

---

૧. જનિ-જરા-મૃતતપ્ત = જન્મ, જરા અને મરણથી પીડિત વર્તતો થકો.

૨. પારંપર્યભાવવિહીન = પરંપરાગત ભાવલિંગથી રહિત; આચાર્યોની પરંપરાથી ચાલ્યા આવતા ભાવલિંગ રહિત.

૩. બહુશઃ = અનેક વાર. ૪. શોણિત = લોહી. ૫. કરમ = કૃમિ.

૬. યકૃત = કલેજું. ૭. આંત્ર = આંતરડાં. ૮. પલ = માંસ.

૯. પીપ-વસાદિ = પરુ, ચરબી વગેરે.

રે! ભાવમુક્ત વિમુક્ત છે, સ્વજનાદિમુક્ત ન મુક્ત છે,
ઈમ ભાવીને હે ધીર! તું પરિત્યાગ [૧]આંતર ગ્રંથને. ૪૩.

દેહાદિસંગ તજ્યો અહો! પણ મલિન માનકષાયથી
આતાપના કરતા રહ્યા બાહુબલી મુનિ ક્યાં લગી? ૪૪.

તન-ભોજનાદિપ્રવૃત્તિના તજનાર મુનિ મધુપિંગલે,
હે [૨]ભવ્યનૂત! નિદાનથી જ લહ્યું નહીં [૩]શ્રમણત્વને. ૪૫.

બીજાય સાધુ વસિષ્ઠ પામ્યા દુઃખને નિદાનથી;
એવું નથી કો સ્થાન કે જે સ્થાન જીવ ભમ્યો નથી. ૪૬.

એવો ન કોઈ પ્રદેશ લખ ચોરાશી યોનિનિવાસમાં,
રે! ભાવવિરહિત શ્રમણ પણ પરિભ્રમણને પામ્યો ન જ્યાં. ૪૭.

છે ભાવથી લિંગી, ન લિંગી દ્રવ્યલિંગથી હોય છે;
તેથી ધરો રે! ભાવને, દ્રવલિંગથી શું સાધ્ય છે? ૪૮.

દંડકનગર કરી દગ્ધ સઘળું દોષ અભ્યંતર વડે,
જિનલિંગથી પણ બાહુ એ ઊપજ્યા નરક રૌરવ વિષે. ૪૯.

વળી એ રીતે બીજા દરવસાધુ દ્વીપાયન નામના
વરજ્ઞાનદર્શનચરણભ્રષ્ટ, અનંતસંસારી થયા. ૫૦.

બહુયુવતિજનવેષ્ટિત[૪] છતાં પણ ધીર શુદ્ધમતિ અહા!
એ ભાવસાધુ શિવકુમાર [૫]પરીતસંસારી થયા. ૫૧.

---

૧. આંતર = અભ્યંતર.

૨. ભવ્યનૂત = ભવ્યજીવો જેની પ્રશંસા કરે છે એવા; ભવ્ય જીવો વડે જેને નમવામાં આવે છે એવા.

૩. શ્રમણત્વને = ભાવમુનિપણાને.

૪. વેષ્ટિત = વિંટળાયેલા.

૫. પરીતસંસારી = પરિમિત સંસારવાળા; અલ્પસંસારી.

જિનવરકથિત [3]એકાદશાંગમયી સકલ શ્રુતજ્ઞાનને
ભણવા છતાંય અભવ્યસેન ન પ્રાપ્ત ભાવમુનિત્વને. ૫૨.

શિવભૂતિનામક ભાવશુદ્ધ મહાનુભાવ મુનિવરા
[4]'તુષમાષ' પદને ગોખતા પામ્યા પ્રગટ સર્વજ્ઞતા. ૫૩.

નગ્નત્વ તો છે ભાવથી; શું નગ્ન [5]બાહિર-લિંગથી?
રે! નાશ કર્મસમૂહ કેરો હોય ભાવથી દ્રવ્યથી. ૫૪.

નગ્નત્વ ભાવવિહીન ભાખ્યું અકાર્ય દેવ જિનેશ્વરે,
—ઈમ જાણીને હે ધીર! નિત્યે ભાવ તું નિજ આત્મને. ૫૫.

દેહાદિસંગવિહીન છે, વર્જ્યા સકળ માનાદિ છે,
આત્મા વિષે રત આત્મ છે, તે ભાવલિંગી શ્રમણ છે. ૫૬.

પરિવર્જું છું હું મમત્વ, નિર્મમ ભાવમાં સ્થિત હું રહું;
અવલંબું છું મુજ આત્મને, અવશેષ સર્વ હું પરિહરું. ૫૭.

મુજ જ્ઞાનમાં આત્મા ખરે, દર્શન-ચરિતમાં આતમા,
પચખાણમાં આત્મા જ, સંવર-યોગમાં પણ આતમા. ૫૮.

મારો સુશાશ્વત એક દર્શનજ્ઞાનલક્ષણ જીવ છે;
બાકી બધા સંયોગલક્ષણ ભાવ મુજથી બાહ્ય છે. ૫૯.

તું શુદ્ધ ભાવે ભાવ રે! સુવિશુદ્ધ નિર્મળ આત્મને,
જો શીઘ્ર ચઉગતિમુક્ત થઈ ઈચ્છે સુશાશ્વત સૌખ્યને. ૬૦.

જે જીવ જીવસ્વભાવને ભાવે, [6]સુભાવે પરિણમે,
[7]જર-મરણનો કરી નાશ તે નિશ્ચય લહે નિર્વાણને. ૬૧.

---

૧. એકાદશાંગ = અગિયાર અંગ. ૨. તુષમાષ = ફોતરાં અને અડદ.
૩. બાહિર = બાહ્ય. ૪. સુભાવ = સારો ભાવ અર્થાત્ શુદ્ધ ભાવ.
૫. જર = જરા.

છે જીવ જ્ઞાનસ્વભાવ ને ચૈતન્યયુત—ભાખ્યું જિને;
એ જીવ છે જ્ઞાતવ્ય, [1]કર્મવિનાશકરણનિમિત્ત જે. ૬૨.

'સત્' હોય જીવસ્વભાવ ને ન 'અસત્' સરવથા જેમને,
તે દેહવિરહિત વચનવિષયાતીત સિદ્ધપણું લહે. ૬૩.

જીવ ચેતનાગુણ, અરસરૂપ, અગંધશબ્દ, અવ્યક્ત છે,
વળી લિંગગ્રહણવિહીન છે, સંસ્થાન ભાખ્યું ન તેહને. ૬૪.

તું ભાવ ઝટ અજ્ઞાનનાશન જ્ઞાન પંચપ્રકાર રે!
એ ભાવનાપરિણત [2]સ્વરગ-શિવસૌખ્યનું ભાજન બને. ૬૫.

રે! પઠન તેમ જ શ્રવણ ભાવવિહીનથી શું સધાય છે?
[3]સાગાર-અણગારત્વના કારણસ્વરૂપે ભાવ છે. ૬૬.

છે નગ્ન તો તિર્યંચ-નારક સર્વ જીવો દ્રવ્યથી;
પરિણામ છે નહિ શુદ્ધ જ્યાં ત્યાં ભાવશ્રમણપણું નથી. ૬૭.

તે નગ્ન પામે દુઃખને, તે નગ્ન ચિર ભવમાં ભમે,
તે નગ્ન બોધિ લહે નહીં, જિનભાવના નહિ જેહને. ૬૮.

શું સાધ્ય તારે અયશભાજન પાપયુત નગ્નત્વથી,
—બહુ હાસ્ય-મત્સર-પિશુનતા-માયાભર્યા શ્રમણત્વથી? ૬૯.

થઈ શુદ્ધ [4]આંતર-ભાવમળવિણ, પ્રગટ કર જિનલિંગને;
જીવ ભાવમળથી મલિન બાહિર-સંગમાં [5]મલિનિત બને. ૭૦.

---

૧. કર્મવિનાશકરણનિમિત્ત = કર્મનો ક્ષય કરવાનું નિમિત્ત.

૨. સ્વરગ-શિવસૌખ્ય = સ્વર્ગ અને મોક્ષનાં સુખ.

૩. સાગાર-અણગારત્વ = શ્રાવકપણું અને મુનિપણું.

૪. આંતર-ભાવમળવિણ = અભ્યંતર ભાવમલિનતા રહિત.

૫. મલિનિત = મલિન.

નગ્નત્વધર પણ ધર્મમાં નહિ વાસ, [૧]દોષાવાસ છે,
તે [૨]ઈક્ષુફૂલસમાન નિષ્ફળ-નિર્ગુણી, નટશ્રમણ છે. ૭૧.

જે રાગયુત જિનભાવનાવિરહિત-દરવનિર્ગ્રંથ છે,
પામે ન બોધિ-સમાધિને તે વિમળ જિનશાસન વિષે. ૭૨.

મિથ્યાત્વ-આદિક દોષ છોડી નગ્ન ભાવ થકી બને,
પછી દ્રવ્યથી મુનિલિંગ ધારે જીવ જિન-આજ્ઞા વડે. ૭૩.

છે ભાવ [૩]દિવશિવસૌખ્યભાજન; ભાવવર્જિત શ્રમણ જે
પાપી [૪]કરમમળમલિનમન, તિર્યંચગતિનું પાત્ર છે. ૭૪.

નર-[૫]અમર-વિદ્યાધર વડે [૬]સંસ્તુત [૭]કરાંજલિપંક્તિથી
[૮]ચક્રી-વિશાળવિભૂતિ બોધિ પ્રાપ્ત થાય [૯]સુભાવથી. ૭૫.

શુભ, અશુભ તેમ જ શુદ્ધ—ત્રણવિધ ભાવ જિનપ્રજ્ઞપ્ત છે;
ત્યાં 'અશુભ' [૧૦]આરત-રૌદ્ર ને 'શુભ' ધર્મ્ય છે—ભાખ્યું જિને. ૭૬.

આત્મા વિશુદ્ધસ્વભાવ આત્મ મહીં રહે તે 'શુદ્ધ' છે;
—આ જિનવરે ભાખેલ છે; જે શ્રેય, આચર તેહને. ૭૭.

---

૧. દોષાવાસ = દોષોનું ઘર.

૨. ઈક્ષુફૂલ = શેરડીનાં ફૂલ.

૩. દિવશિવસૌખ્યભાજન = સ્વર્ગ અને મોક્ષનાં સુખનું ભાજન.

૪. કરમમળમલિનમન = કર્મમળથી મલિન મનવાળો.

૫. અમર = દેવ.

૬. સંસ્તુત = જેની સારી રીતે પ્રશંસા કરવામાં આવે છે એવી.

૭. કરાંજલિપંક્તિ = હાથની અંજલિની (અર્થાત્ જોડેલા બે હાથની) હારમાળા.

૮. ચક્રી-વિશાળવિભૂતિ = ચક્રવર્તીની ઘણી મોટી ઋદ્ધિ.

૯. સુભાવથી = સારા ભાવથી.

૧૦. આરત-રૌદ્ર = આર્ત અને રૌદ્ર.

છે [1]ગલિતમાનકષાય, મોહ વિનષ્ટ થઈ [2]સમચિત્ત છે,
તે જીવ [3]ત્રિભુવનસાર બોધિ લહે જિનેશ્વરશાસને. ૭૮.

વિષયે વિરત મુનિ સોળ ઉત્તમ કારણોને ભાવીને,
બાંધે [4]અચિર કાળે કરમ તીર્થંકરત્વ-સુનામને. ૭૯.

તું ભાવ બાર-પ્રકાર તપ ને તેર કિરિયા [5]ત્રણવિધે;
વશ રાખ [6]મન-ગજ મત્તને મુનિપ્રવર ! જ્ઞાનાંકુશ વડે. ૮૦.

[7]ભૂશયન, ભિક્ષા, દ્વિવિધ સંયમ, [8]પંચવિધ-પટત્યાગ છે,
[9]છે ભાવ ભાવિતપૂર્વ, તે જિનલિંગ નિર્મળ શુદ્ધ છે. ૮૧.

રત્નો વિષે જ્યમ શ્રેષ્ઠ [10]હીરક, તરુગણે [11]ગોશીર્ષ છે,
જિનધર્મ [12]ભાવિભવમથન ત્યમ શ્રેષ્ઠ છે ધર્મો વિષે. ૮૨.

પૂજાદિમાં વ્રતમાં જિનોએ પુણ્ય ભાખ્યું શાસને;
છે ધર્મ ભાખ્યો મોહક્ષોભવિહીન નિજ પરિણામને. ૮૩.

---

૧. ગલિતમાનકષાય = જેનો માનકષાય નષ્ટ થયો છે એવો.
૨. સમચિત્ત = જેનું ચિત્ત સમભાવવાળું છે એવો.
૩. ત્રિભુવનસાર = ત્રણ લોકમાં સારભૂત.
૪. અચિર કાળે = અલ્પ કાળે.
૫. ત્રણવિધે = ત્રણ પ્રકારે અર્થાત્ મન-વચન-કાયાથી.
૬. મન-ગજ મત્તને = મનરૂપી મદમાતા હાથીને.
૭. ભૂશયન = ભૂમિ પર સૂવું તે.
૮. પંચવિધ-પટત્યાગ = પાંચ પ્રકારનાં વસ્ત્રોનો ત્યાગ.
૯. છે ભાવ ભાવિતપૂર્વ = જ્યાં ભાવ (શુદ્ધ ભાવ) પૂર્વે ભાવવામાં આવ્યો હોય છે; જ્યાં પહેલાં યથોચિત શુદ્ધભાવરૂપ પરિણમન થયું હોય છે.
૧૦. હીરક = હીરો.
૧૧. ગોશીર્ષ = બાવનાચંદન.
૧૨. ભાવિભવમથન = ભાવી ભવોને હણનાર.

પરતીત, રુચિ, શ્રદ્ધાન ને સ્પર્શન કરે છે પુણ્યનું
તે ભોગ કેરું નિમિત્ત છે, ન નિમિત્ત કર્મક્ષય તણું. ૮૪.

રાગાદિ દોષ સમસ્ત છોડી આતમા નિજરત રહે
[1]ભવતરણકારણ ધર્મ છે તે—એમ જિનદેવો કહે. ૮૫.

પણ આત્મને ઇચ્છ્યા વિના પુણ્યો અશેષ કરે ભલે,
તોપણ લહે નહિ સિદ્ધિને, ભવમાં ભમે—આગમ કહે. ૮૬.

આ કારણે તે આત્મની ત્રિવિધે તમે શ્રદ્ધા કરો,
તે આત્મને જાણો પ્રયત્ને, મુક્તિને જેથી વરો. ૮૭.

અવિશુદ્ધ ભાવે મત્સ્ય તંદુલ પણ ગયો મહા નરકમાં,
તેથી નિજાત્મા જાણી નિત્ય તું ભાવ રે! જિનભાવના. ૮૮.

રે! બાહ્યપરિગ્રહત્યાગ, પર્વત-કંદરાદિનિવાસ ને
જ્ઞાનાધ્યયન સઘળું નિરર્થક ભાવવિરહિત શ્રમણને. ૮૯.

તું ઇન્દ્રિસેના તોડ, [2]મનમર્કટ તું વશ કર યત્નથી,
નહિ કર તું જનરંજનકરણ બહિરંગ-વ્રતવેશી બની. ૯૦.

મિથ્યાત્વ ને નવ નોકષાય તું છોડ ભાવવિશુદ્ધિથી;
કર ભક્તિ જિન-આજ્ઞાનુસાર તું ચૈત્ય-પ્રવચન-ગુરુ તણી. ૯૧.

[3]તીર્થેશભાષિત-અર્થમય, ગણધરસુવિરચિત જેહ છે,
પ્રતિદિન તું ભાવ વિશુદ્ધભાવે તે અતુલ શ્રુતજ્ઞાનને. ૯૨.

જીવ જ્ઞાનજળ પી, તીવ્રતૃષ્ણાદાહશોષ થકી છૂટી,
શિવધામવાસી સિદ્ધ થાય—ત્રિલોકના ચૂડામણિ. ૯૩.

---

૧. ભવતરણકારણ = સંસારને તરી જવાના કારણભૂત.
૨. મનમર્કટ = મનરૂપી માંકડું; મનરૂપી વાંદરું.
૩. તીર્થેશભાષિત = તીર્થંકરદેવે કહેલ.

બાવીશ પરિષહ સર્વકાળ સહો મુને ! કાયા વડે,
અપ્રમત્ત રહી, સૂત્રાનુસાર, નિવારી સંયમઘાતને. ૯૪.

પથ્થર રહ્યો ચિર પાણીમાં ભેદાય નહિ પાણી વડે,
ત્યમ સાધુ પણ ભેદાય નહિ ઉપસર્ગ ને પરિષહ વડે. ૯૫.

તું ભાવ દ્વાદશ ભાવના, વળી ભાવના પચ્ચીશને;
શું છે પ્રયોજન ભાવવિરહિત બાહ્યલિંગ થકી અરે! ૯૬.

[1]પૂરણવિરત પણ ભાવ તું નવ અર્થ, તત્ત્વો સાતને,
મુનિ! ભાવ જીવસમાસને, ગુણસ્થાન ભાવ તું ચૌદને. ૯૭.

અબ્રહ્મ દશવિધ ટાળી તું પ્રગટાવ નવવિધ બ્રહ્મને;
રે! [2]મિથુનસંજ્ઞાસક્ત તેં કર્યું ભ્રમણ [3]ભીમ ભવાર્ણવે. ૯૮.

ભાવે સહિત મુનિવર લહે આરાધના ચતુરંગને;
ભાવે રહિત તો હે શ્રમણ! ચિર દીર્ઘસંસારે ભમે. ૯૯.

રે! ભાવમુનિ કલ્યાણકોની શ્રેણિયુત સૌખ્યો લહે;
ને દ્રવ્યમુનિ તિર્યંચ-મનુજ-કુદેવમાં દુઃખો સહે. ૧૦૦.

અવિશુદ્ધ ભાવે દોષ છેંતાળીસ સહ ગ્રહી અશનને,
તિર્યંચગતિ મધ્યે તું પામ્યો દુઃખ બહુ પરવશપણે. ૧૦૧.

તું વિચાર રે!—તેં દુઃખ તીવ્ર લહ્યાં અનાદિ કાળથી,
કરી અશન-પાન સચિત્તનાં અજ્ઞાન-ગૃદ્ધિ-દર્પથી[૪]. ૧૦૨.

કંઈ કંદ-મૂલો, પત્ર-પુષ્પો, બીજ આદિ સચિત્તને
તું માન-મદથી ખાઈને ભટક્યો અનંત ભવાર્ણવે. ૧૦૩.

---

૧. પૂરણવિરત = પૂર્ણવિરત; સર્વવિરત.

૨. મિથુનસંજ્ઞાસક્ત = મૈથુનસંજ્ઞામાં આસક્ત.

૩. ભીમ ભવાર્ણવ = ભયંકર સંસારસમુદ્ર.

૧. દર્પ = ઉદ્ધતાઈ; ગર્વ.

રે! વિનય પાંચ પ્રકારનો તું પાળ મન-વચ-તન વડે;
નર હોય જે અવિનીત તે પામે ન સુવિહિત મુક્તિને. ૧૦૪.

તું હે મહાયશ! ભક્તિરાગ વડે સ્વશક્તિપ્રમાણમાં
જિનભક્તિરત [૧]દશભેદ વૈયાવૃત્ત્યને આચર સદા. ૧૦૫.

તેં અશુભ ભાવે મન-વચન-તનથી કર્યો કંઈ દોષ જે,
કર ગર્હણા ગુરુની સમીપે ગર્વ-માયા છોડીને. ૧૦૬.

દુર્જન તણી નિષ્ઠુર-કટુક વચનોરૂપી થપ્પડ સહે
સત્પુરુષ નિર્મમભાવયુત-મુનિ [૨]કર્મમળલયહેતુએ. ૧૦૭.

મુનિપ્રવર [૩]પરિમંડિત ક્ષમાથી પાપ નિઃશેષે દહે,
નર-અમર-વિદ્યાધર તણા સ્તુતિપાત્ર છે નિશ્ચિતપણે. ૧૦૮.

તેથી ક્ષમાગુણધર! ક્ષમા કર જીવ સૌને [૪]ત્રણવિધે;
ઉત્તમક્ષમાજળ સીંચ તું ચિરકાળના ક્રોધાગ્નિને. ૧૦૯.

સુવિશુદ્ધદર્શનધરપણે [૫]વરબોધિ કેરા હેતુએ
ચિંતવ તું દીક્ષાકાળ-આદિક, જાણી સાર-અસારને. ૧૧૦.

કરી પ્રાપ્ત [૨]આંતરલિંગશુદ્ધિ સેવ ચઉવિધ લિંગને;
છે બાહ્યલિંગ અકાર્ય ભાવવિહીનને નિશ્ચિતપણે. ૧૧૧.

આહાર-ભય-પરિગ્રહ-મિથુનસંજ્ઞા થકી મોહિતપણે
તું પરવશે ભટક્યો અનાદિ કાળથી [૬]ભવકાનને. ૧૧૨.

---

૧. દશભેદ = દશવિધ. ૩. કર્મમળલયહેતુએ = કર્મમળનો નાશ કરવા માટે.
૨. પરિમંડિત ક્ષમાથી = ક્ષમાથી સર્વતઃ શોભિત.
૩. ત્રણવિધે = ત્રણ પ્રકારે અર્થાત્ મન-વચન-કાયાથી.
૪. વરબોધિ કેરા હેતુએ = ઉત્તમબોધિનિમિત્તે; ઉત્તમ સમ્યગ્દર્શન-જ્ઞાન-ચારિત્ર અર્થે.
૫. આંતર = અભ્યંતર. ૬. ભવકાનને = સંસારરૂપી વનમાં.

[1]તરુમૂલ, આતાપન, [2]બહિ:શયનાદિ ઉત્તરગુણને
તું શુદ્ધ ભાવે પાળ, પૂજાલાભથી નિ:સ્પૃહપણે. ૧૧૩.

તું ભાવ પ્રથમ, દ્વિતીય, ત્રીજા, [3]તુર્ય, પંચમ તત્ત્વને,
[4]આદ્યંતરહિત [5]ત્રિવર્ગહર જીવને, [6]ત્રિકરણવિશુદ્ધિએ. ૧૧૪.

ભાવે ન જ્યાં લગી તત્ત્વ, જ્યાં લગી [7]ચિંતનીય ન ચિંતવે,
જીવ ત્યાં લગી પામે નહીં [8]જર-મરણવર્જિત સ્થાનને. ૧૧૫.

રે! પાપ સઘળું, પુણ્ય સઘળું, થાય છે પરિણામથી;
પરિણામથી છે બંધ તેમ જ મોક્ષ જિનશાસન મહીં. ૧૧૬.

[9]મિથ્યા-કષાય-અવિરતિ-યોગ [10]અશુભલેશ્યાન્વિત વડે
જિનવચપરાઙ્મુખ આતમા બાંધે અશુભરૂપ કર્મને. ૧૧૭.

વિપરીત તેથી ભાવશુદ્ધિપ્રાપ્ત બાંધે શુભને;
—એ રીત બાંધે અશુભ-શુભ; સંક્ષેપથી જ કહેલ છે. ૧૧૮.

[11]વેષ્ટિત છું હું જ્ઞાનાવરણકર્માદિ કર્માષ્ટક વડે;
બાળી, હું પ્રગટાવું [12]અમિતજ્ઞાનાદિગુણવેદન હવે. ૧૧૯.

---

૧. તરુમૂલ = વર્ષાકાળે વૃક્ષ નીચે સ્થિતિ કરવી તે.

૨. બહિ:શયન = શીતકાળે બહાર સૂવું તે.

૩. તુર્ય = ચતુર્થ. ૪. આદ્યંતરહિત = અનાદિ-અનંત.

૫. ત્રિવર્ગહર = ધર્મ-અર્થ-કામનો નાશ કરનાર અર્થાત્ અપવર્ગને–મોક્ષને –ઉત્પન્ન કરનાર.

૬. ત્રિકરણવિશુદ્ધિએ = ત્રણ કરણની શુદ્ધિપૂર્વક; શુદ્ધ મન-વચન-કાયાથી.

૭. ચિંતનીય = ચિંતવવાયોગ્ય. ૮. જર = જરા.

૯. મિથ્યા = મિથ્યાત્વ.

૧૦. અશુભલેશ્યાન્વિત = અશુભ લેશ્યાયુક્ત; અશુભ લેશ્યાવાળા.

૧૧. વેષ્ટિત = ઘેરાયેલો; આચ્છાદિત; રુકાવટ પામેલો.

૧૨. અમિત = અનંત.

ચોરાશી લાખ ગુણો, અઢાર હજાર ભેદો શીલના,
—સઘળુંય પ્રતિદિન ભાવ; બહુ પ્રલપન [1]નિરર્થથી શું ભલા? ૧૨૦.

ધ્યા ધર્મ્ય તેમ જ શુક્લને, તજી આર્ત તેમ જ રૌદ્રને;
ચિરકાળ ધ્યાયાં આર્ત તેમ જ રૌદ્ર ધ્યાનો આ જીવે. ૧૨૧.

દ્રવ્યે શ્રમણ ઈન્દ્રિયસુખાકુલ હોઈને છેદે નહીં;
ભવવૃક્ષ છેદે ભાવશ્રમણો ધ્યાનરૂપ [2]કુઠારથી. ૧૨૨.

જ્યમ [3]ગર્ભગૃહમાં પવનની બાધા રહિત દીપક બળે,
તે રીત [4]રાગાનિલવિવર્જિત ધ્યાનદીપક પણ જળે. ૧૨૩.

ધ્યા પંચ ગુરુને, શરણ-મંગલ-લોકઉત્તમ જેહ છે,
આરાધનાનાયક, [5]અમર-નર-ખચરપૂજિત, વીર છે. ૧૨૪.

જ્ઞાનાત્મ નિર્મળ નીર શીતળ પ્રાપ્ત કરીને, [6]ભાવથી
[7]ભવિ થાય છે [8]જર-મરણ-વ્યાધિદાહવર્જિત, [9]શિવમયી. ૧૨૫.

જ્યમ બીજ હોતાં દગ્ધ, અંકુર ભૂતળે ઊગે નહીં,
ત્યમ કર્મબીજ બળ્યે ભવાંકુર ભાવશ્રમણોને નહીં. ૧૨૬.

રે! ભાવશ્રમણ સુખો લહે ને દ્રવ્યમુનિ દુઃખો લહે;
તું ભાવથી સંયુક્ત થા, ગુણદોષ જાણી એ રીતે. ૧૨૭.

---

૧. નિરર્થ = નિરર્થક; જેનાથી કોઈ અર્થ સરે નહિ એવા.
૨. કુઠાર = કુહાડો. ૩. ગર્ભગૃહ = મકાનની અંદરનો ભાગ.
૪. રાગાનિલવિવર્જિત = રાગરૂપી પવન રહિત.
૫. અમર-નર-ખચરપૂજિત = દેવો, મનુષ્યો અને વિદ્યાધરોથી પૂજિત.
૬. ભાવથી = શુદ્ધ ભાવથી.
૭. ભવિ = ભવ્ય જીવો.
૮. જર-મરણ-વ્યાધિદાહવર્જિત = જરા-મરણ-રોગસંબંધી બળતરાથી મુક્ત.
૯. શિવમયી = આત્યંતિક સૌખ્યમય અર્થાત્ સિદ્ધ.

[1]તીર્થેશ-ગણનાથાદિગત અભ્યુદયયુત સૌખ્યો તણી
પ્રાપ્તિ કરે છે ભાવમુનિ;—ભાખ્યું જિને સંક્ષેપથી. ૧૨૮.

તે છે સુધન્ય, [2]ત્રિધા સદૈવ નમસ્કરણ હો તેમને,
જે [3]ભાવયુત, દૃગજ્ઞાનચરણવિશુદ્ધ, માયામુક્ત છે. ૧૨૯.

[4]ખેચર-સુરાદિક વિક્રિયાથી ઋદ્ધિ અતુલ કરે ભલે,
જિનભાવનાપરિણત સુધીર લહે ન ત્યાં પણ મોહને. ૧૩૦.

તો દેવ-નરનાં તુચ્છ સુખ પ્રત્યે લહે શું મોહને
મુનિપ્રવર જે જાણે, [5]જુએ ને ચિંતવે છે મોક્ષને? ૧૩૧.

રે! [6]આક્રમે ન જરા, [7]ગદાગ્નિ દહે ન [8]તનકુટિ જ્યાં લગી,
બળ ઇન્દ્રિયોનું નવ ઘટે, કરી લે તું નિજહિત ત્યાં લગી. ૧૩૨.

છ અનાયતન તજ, કર દયા ષટ્જીવની [9]ત્રિવિધે સદા,
મહાસત્ત્વને તું ભાવ રે! [10]અપૂરવપણે હે મુનિવરા! ૧૩૩.

ભમતાં [11]અમિત ભવસાગરે, તેં ભોગસુખના હેતુએ
સહુજીવ-દશવિધપ્રાણનો આહાર કીધો ત્રણવિધે. ૧૩૪.

પ્રાણીવધોથી હે મહાયશ! યોનિ લખ ચોરાશીમાં
ઉત્પત્તિનાં ને મરણનાં દુઃખો નિરંતર તેં લહ્યાં. ૧૩૫.

---

૧. તીર્થેશ-ગણનાથાદિગત = તીર્થંકર-ગણધરાદિસંબંધી.
૨. ત્રિધા = ત્રણ પ્રકારે અર્થાત્ મન-વચન-કાયાથી.
૩. ભાવયુત = શુદ્ધ ભાવ સહિત. ૪. ખેચર-સુરાદિક = વિદ્યાધર, દેવ વગેરે.
૫. જુએ = દેખે, શ્રદ્ધે.
૬. આક્રમે = આક્રમણ કરે; હલ્લો કરે; ઘેરી વળે; પકડે.
૭. ગદાગ્નિ = રોગરૂપી અગ્નિ. ૮. તનકુટિ = કાયારૂપી ઝૂંપડી.
૯. ત્રિવિધે = મન-વચન-કાયયોગથી. ૧૦. અપૂરવપણે = અપૂર્વપણે.
૧૧. અમિત = અનંત.

તું ભૂત-પ્રાણી-સત્ત્વ-જીવને ત્રિવિધ શુદ્ધિ વડે મુનિ!
દે [૧]અભય, જે [૨]કલ્યાણસૌખ્યનિમિત્ત [૩]પારંપર્યથી. ૧૩૬.

શત-એંશી કિરિયાવાદીના, ચોરાશી [૪]તેથી વિપક્ષના,
બત્રીશ સડસઠ ભેદ છે વૈનયિક ને અજ્ઞાનીના. ૧૩૭.

સુરીતે સુણી જિનધર્મ પણ પ્રકૃતિ અભવ્ય નહીં તજે,
સાકરસહિત ક્ષીરપાનથી પણ સર્પ નહિ નિર્વિષ બને. ૧૩૮.

[૫]દુર્બુદ્ધિ-દુર્મતદોષથી [૬]મિથ્યાત્વઆવૃતદ્રગ રહે,
આત્મા અભવ્ય જિનેંદ્રજ્ઞાપિત ધર્મની રુચિ નવ કરે. ૧૩૯.

કુત્સિતધરમ-રત, ભક્તિ જે [૭]પાખંડી કુત્સિતની કરે,
કુત્સિત કરે તપ, તેહ કુત્સિત ગતિ તણું ભાજન બને. ૧૪૦.

હે ધીર! ચિંતવ—જીવ આ મોહિત કુનય-દુઃશાસ્ત્રથી
[૮]મિથ્યાત્વઘર સંસારમાં રખડ્યો અનાદિ કાળથી. ૧૪૧.

ઉન્માર્ગને છોડી ત્રિશત-તેસઠપ્રમિત પાખંડીના,
જિનમાર્ગમાં મન રોક; બહુ પ્રલપન [૯]નિરર્થથી શું ભલા? ૧૪૨.

જીવમુક્ત શબ કહેવાય, [૧૦]'ચલ શબ' જાણ દર્શનમુક્તને;
શબ લોક માંહી અપૂજ્ય, ચલ શબ હોય લોકોત્તર વિષે. ૧૪૩.

---

૧. અભય = અભયદાન. ૨. કલ્યાણ = તીર્થંકરદેવનાં કલ્યાણક.
૩. પારંપર્યથી = પરંપરાએ. ૪. તેથી વિપક્ષના = અક્રિયાવાદીના.
૫. દુર્બુદ્ધિ-દુર્મતદોષથી = દુર્બુદ્ધિને લીધે તથા કુમત-અનુરૂપ દોષોને લીધે.
૬. મિથ્યાત્વઆવૃતદ્રગ = મિથ્યાત્વથી આચ્છાદિત દ્રષ્ટિવાળો.
૭. પાખંડી કુત્સિતની = કુત્સિત (નિંદિત, ધિક્કારવા યોગ્ય, ખરાબ, અધર્મ) એવા પાખંડીઓની.
૮. મિથ્યાત્વઘર = (૧) મિથ્યાત્વનું ઘર એવા, અથવા (૨) મિથ્યાત્વ જેનું ઘર છે એવા. ૯. નિરર્થ = નિરર્થક; વ્યર્થ. ૧૦. ચલ શબ = હાલતું-ચાલતું મડદું.

જ્યમ ચંદ્ર તારાગણ વિષે, [1]મૃગરાજ સૌ [2]મૃગકુલ વિષે,
ત્યમ અધિક છે સમ્યક્ત્વ ઋષિશ્રાવક–દ્વિવિધ ધર્મો વિષે. ૧૪૪.

નાગેંદ્ર શોભે ફે ણમણિમાણિક્યકિરણે ચમકતો,
તે રીત શોભે શાસને જિનભક્ત દર્શનનિર્મળો. ૧૪૫.

શશિબિંબ તારકવૃંદ સહ નિર્મળ નભે શોભે ઘણું,
ત્યમ શોભતું તપવ્રતવિમળ જિનલિંગ દર્શનનિર્મળું. ૧૪૬.

ઈમ જાણીને ગુણદોષ ધારો ભાવથી દગરત્નને,
જે સાર ગુણરત્નો વિષે ને પ્રથમ શિવસોપાન છે. ૧૪૭.

કર્તા તથા ભોક્તા, અનાદિ-અનંત, દેહપ્રમાણ ને
[3]વણમૂર્તિ, દગજ્ઞાનોપયોગી જીવ ભાખ્યો જિનવરે. ૧૪૮.

[4]દગજ્ઞાનઆવૃતિ, મોહ તેમ જ અંતરાયક કર્મને
સમ્યક્પણે જિનભાવનાથી ભવ્ય આત્મા ક્ષય કરે. ૧૪૯.

ચઉઘાતિનાશે જ્ઞાન-દર્શન-સૌખ્ય-બળ ચારે ગુણો
[5]પ્રાકટ્ય પામે જીવને, પરકાશ લોકાલોકનો. ૧૫૦.

તે જ્ઞાની, શિવ, પરમેષ્ઠી છે, વિષ્ણુ, ચતુર્મુખ, બુદ્ધ છે,
આત્મા તથા પરમાતમા, સર્વજ્ઞ, કર્મવિમુક્ત છે. ૧૫૧.

ચઉઘાતિકર્મવિમુક્ત, દોષ અઢાર રહિત, સદેહ એ
[6]ત્રિભુવનભવનના દીપ જિનવર બોધિ દો ઉત્તમ મને. ૧૫૨.

---

૧. મૃગરાજ = સિંહ.

૨. મૃગકુલ = પશુસમૂહ.

૩. વણમૂર્તિ = અમૂર્ત; અરૂપી.

૪. દગજ્ઞાનઆવૃતિ = દર્શનાવરણ ને જ્ઞાનાવરણ.

૫. પ્રાકટ્ય = પ્રગટપણું.

૬. ત્રિભુવનભવનના દીપ = ત્રણ લોકરૂપી ઘરના દીપક અર્થાત્ દીવારૂપ.

જે પરમભક્તિરાગથી જિનવરપદાંબુજને નમે,
તે જન્મવેલીમૂળને [1]વર ભાવશસ્ત્ર વડે [2]ખણે. ૧૫૩.

જ્યમ કમલિનીના પત્રને નહિ [3]સલિલલેપ સ્વભાવથી,
ત્યમ સત્પુરુષને લેપ વિષયકષાયનો નહિ ભાવથી. ૧૫૪.

કહું તે જ મુનિ જે શીલસંયમગુણ—સમસ્ત કળા—ધરે;
જે [4]મલિનમન બહુદોષઘર, તે તો ન શ્રાવકતુલ્ય છે. ૧૫૫.

તે ધીરવીર નરો, [5]ક્ષમાદમ-તીક્ષ્ણખડ્ગે જેમણે
જીત્યા સુદુર્જય-ઉગ્રબળ-મદમત્ત-સુભટ[6]—કષાયને. ૧૫૬.

છે ધન્ય તે ભગવંત, [7]દર્શનજ્ઞાન-ઉત્તમકર વડે
જે પાર કરતા [8]વિષયમકરાકરપતિત [9]ભવિ જીવને. ૧૫૭.

મુનિ જ્ઞાનશસ્ત્રે છેદતા સંપૂર્ણ માયાવેલને,
—બહુ વિષય-વિષપુષ્પે ખીલી, [10]આરૂઢ મોહમહાદ્રુમે. ૧૫૮.

મદ-મોહ-ગારવમુક્ત ને જે યુક્ત કરુણાભાવથી,
સઘળા [11]દુરિતરૂપ થંભને [12]ઘાતે ચરણ-તરવારથી. ૧૫૯.

તારાવલી સહ જે રીતે પૂર્ણેન્દુ શોભે આભમાં,
ગુણવૃંદમણિમાળા સહિત મુનિચંદ્ર જિનમતગગનમાં. ૧૬૦.

---

૧. વર = ઉત્તમ. ૨. ખણે = ખોદે છે.

૩. સલિલ = પાણી. ૪. મલિનમન = મલિન ચિત્તવાળો.

૫. ક્ષમાદમ-તીક્ષ્ણખડ્ગે = ક્ષમા (પ્રશમ) અને જિતેંદ્રિયતારૂપી તીક્ષ્ણ તરવારથી.

૬. સુભટ = યોદ્ધા.

૬. દર્શનજ્ઞાન-ઉત્તમકર = દર્શન અને જ્ઞાનરૂપ (બે) ઉત્તમ હાથ.

૮. વિષયમકરાકર = વિષયોરૂપી સમુદ્ર (મગરોનું સ્થાન).

૯. ભવિ = ભવ્ય. ૧૦. આરૂઢ મોહમહાદ્રુમે = મોહરૂપી મહાવૃક્ષ પર ચડેલી.

૧૧. દુરિત = દુષ્કર્મ; પાપ. ૧૨. ઘાતે = નાશ કરે.

[1]ચક્રેશ-કેશવ-રામ-જિન-ગણી-સુરવરાદિક-સૌખ્યને,
ચારણમુનીંદ્રસુઋદ્ધિને, [2]સુવિશુદ્ધભાવ નરો લહે. ૧૬૧.

જિનભાવનાપરિણત જીવો વરસિદ્ધિસુખ અનુપમ લહે,
શિવ, અતુલ, ઉત્તમ, પરમ નિર્મળ, અજર-અમરસ્વરૂપ જે. ૧૬૨.

ભગવંત સિદ્ધો—ત્રિજગપૂજિત, નિત્ય, શુદ્ધ, નિરંજના
—વર ભાવશુદ્ધિ દો મને દ્રગ, જ્ઞાન ને ચારિત્રમાં. ૧૬૩.

બહુ કથન શું કરવું? અરે! ધર્માર્થકામવિમોક્ષ ને
બીજાય બહુ વ્યાપાર, તે સૌ ભાવ માંહી રહેલ છે. ૧૬૪.

એ રીત સર્વજ્ઞે કથિત આ ભાવપ્રાભૃત-શાસ્ત્રનાં
સુપઠન-સુશ્રવણ-સુભાવનાથી વાસ [3]અવિચળ ધામમાં. ૧૬૫.

*

---

૧. ચક્રેશ-કેશવ-રામ-જિન-ગણી-સુરવરાદિક-સૌખ્યને = ચક્રવર્તી, નારાયણ, બલભદ્ર, તીર્થંકર, ગણધર, દેવેન્દ્ર વગેરેનાં સુખને.

૨. સુવિશુદ્ધભાવ = શુદ્ધ ભાવવાળા.

૩. અવિચળ ધામ = સિદ્ધપદ; મોક્ષ.

# ૬. મોક્ષપ્રાભૃત

આ પ્રાભૃતમાં મોક્ષનો—પરમાત્મપદનો—અતિ સંક્ષેપમાં નિર્દેશ કરીને, પછી તે મોક્ષ પ્રાપ્ત કરવાનો શો ઉપાય છે તેનું વર્ણન મુખ્યપણે કરવામાં આવ્યું છે. સ્વદ્રવ્યરત જીવ મુકાય છે અને પરદ્રવ્યરત જીવ બંધાય છે–એ, આ પ્રાભૃતનો કેન્દ્રવર્તી સિદ્ધાંત છે.

કરીને [1]ક્ષપણ કર્મો તણું, પરદ્રવ્ય પરિહરી જેમણે
જ્ઞાનાત્મ આત્મા પ્રાપ્ત કીધો, નમું નમું તે દેવને. ૧.

તે દેવને નમી—[2]અમિત-વર-દગજ્ઞાનધરને શુદ્ધને,
કહું પરમપદ—પરમાતમા—પ્રકરણ પરમયોગીન્દ્રને. ૨.

જે જાણીને, યોગસ્થ યોગી, સતત દેખી જેહને,
ઉપમાવિહીન અનંત અવ્યાબાધ શિવપદને લહે. ૩.

તે આતમા છે [3]પરમ-અંતર-બહિર ત્રણધા દેહીમાં;
[4]અંતર-ઉપાયે [5]પરમને ધ્યાઓ, તજો બહિરાતમા. ૪.

છે [6]અક્ષધી બહિરાત્મ, આતમબુદ્ધિ અંતર-આતમા,
જે મુક્ત કર્મકલંકથી તે દેવ છે પરમાતમા. ૫.

તે છે વિશુદ્ધાત્મા, અનિંદ્રિય, મળરહિત, તનમુક્ત છે,
પરમેષ્ઠી, કેવળ, પરમજિન, શાશ્વત, [7]શિવંકર, સિદ્ધ છે. ૬.

---

૧. ક્ષપણ = ક્ષય. ૨. અમિત-વર = અનંત અને પ્રધાન.

૩. પરમ-અંતર-બહિર ત્રણધા = પરમાત્મા, અંતરાત્મા અને બહિરાત્મા –એમ ત્રણ પ્રકારે.

૪. અંતર-ઉપાયે = અંતરાત્મારૂપ સાધનથી; અંતરાત્મારૂપ જે પરિણામ તે પરિણામરૂપ સાધનથી. ૫. પરમને = પરમાત્માને.

૬. અક્ષધી = ઇંદ્રિયબુદ્ધિ; 'ઇંદ્રિયો તે જ આત્મા છે' એવી બુદ્ધિવાળો.

૭. શિવંકર = સુખકર; કલ્યાણકર.

થઈ [૧]અંતરાત્મારૂઢ, બહિરાત્મા તજીને ત્રણવિધે,
[૨]ધ્યાતવ્ય છે પરમાતમા—જિનવરવૃષભ-ઉપદેશ છે. ૭.

[૩]બાહ્યાર્થ પ્રત્યે [૪]સ્ફુરિતમન, [૫]સ્વભ્રષ્ટ ઇન્દ્રિયદ્વારથી,
નિજદેહ [૬]અધ્યવસિત કરે આત્માપણે [૭]જીવ મૂઢધી. ૮.

નિજદેહ સમ પરદેહ દેખી મૂઢ ત્યાં ઉદ્યમ કરે,
[૮]તે છે અચેતન તોય માને તેહને [૯]આત્માપણે. ૯.

વસ્તુસ્વરૂપ જાણ્યા વિના [૧૦]દેહે સ્વ-અધ્યવસાયથી
અજ્ઞાની જનને મોહ ફાલે પુત્રદારાદિક મહીં. ૧૦.

રહી લીન મિથ્યાજ્ઞાનમાં, મિથ્યાત્વભાવે પરિણમી,
તે દેહ માને 'હું'પણે [૧૧]ફરીનેય મોહોદય થકી. ૧૧.

નિર્દ્વંદ્વ, નિર્મમ, દેહમાં નિરપેક્ષ, [૧૨]મુક્તારંભ જે,
જે લીન આત્મસ્વભાવમાં, તે યોગી પામે મોક્ષને. ૧૨.

પરદ્રવ્યરત બંધાય, [૧૩]વિરત મુકાય વિધવિધ કર્મથી;
—આ, બંધમોક્ષ વિષે જિનેશ્વરદેશના સંક્ષેપથી. ૧૩.

---

૧. અંતરાત્મારૂઢ = અંતરાત્મામાં આરૂઢ; અંતરાત્મારૂપે પરિણત.
૨. ધ્યાતવ્ય = ધ્યાવાયોગ્ય; ધ્યાન કરવા યોગ્ય.
૩. બાહ્યાર્થ = બહારના પદાર્થો.
૪. સ્ફુરિતમન = સ્ફુરાયમાન (તત્પર) મનવાળો.
૫. સ્વભ્રષ્ટ ઇન્દ્રિયદ્વારથી = ઇન્દ્રિયો દ્વારા આત્મસ્વરૂપથી ચ્યુત.
૬. અધ્યવસિત કરે = માને.
૭. જીવ મૂઢધી = મૂઢ બુદ્ધિવાળો જીવ; મૂઢબુદ્ધિ (અર્થાત્ બહિરાત્મા) જીવ.
૮. તે = પરનો દેહ. ૯. આત્માપણે = પરના આત્મા તરીકે.
૧૦. દેહે સ્વ-અધ્યવસાયથી = 'દેહ તે જ આત્મા છે' એવા મિથ્યા અભિપ્રાયથી.
૧૧. ફરીનેય = આગામી ભવમાં પણ.
૧૨. મુક્તારંભ = નિરારંભ; આરંભ રહિત.
૧૩. વિરત = પરદ્રવ્યથી વિરમેલ; પરદ્રવ્યથી વિરામ પામેલ.

રે! નિયમથી નિજદ્રવ્યરત સાધુ સુદૃષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો [૧]દુષ્ટાષ્ટ કર્મો ક્ષય કરે. ૧૪.

પરદ્રવ્યમાં રત સાધુ તો મિથ્યાદરશયુત હોય છે,
મિથ્યાત્વપરિણત વર્તતો બાંધે કરમ દુષ્ટાષ્ટને. ૧૫.

પરદ્રવ્યથી દુર્ગતિ, ખરે સુગતિ સ્વદ્રવ્યથી થાય છે;
—એ જાણી, નિજદ્રવ્યે રમો, પરદ્રવ્યથી વિરમો તમે. ૧૬.

[૨]આત્મસ્વભાવેતર સચિત્ત, અચિત્ત, તેમ જ મિશ્ર જે,
તે જાણવું પરદ્રવ્ય—સર્વજ્ઞે કહ્યું [૩]અવિતથપણે. ૧૭.

દુષ્ટાષ્ટકર્મવિહીન, અનુપમ, [૪]જ્ઞાનવિગ્રહ, નિત્ય ને
જે શુદ્ધ ભાખ્યો જિનવરે, તે આતમા સ્વદ્રવ્ય છે. ૧૮.

પરવિમુખ થઈ નિજદ્રવ્ય જે ધ્યાવે સુચારિત્રીપણે,
જિનદેવના મારગ મહીં [૫]સંલગ્ન તે શિવપદ લહે. ૧૯.

જિનદેવમત-અનુસાર ધ્યાવે યોગી નિજશુદ્ધાત્મને,
જેથી લહે નિર્વાણ, તો શું નવ લહે [૬]સુરલોકને? ૨૦.

બહુ ભાર લઈ દિન એકમાં જે ગમન સો યોજન કરે,
તે વ્યક્તિથી [૭]ક્રોશાર્ધ પણ નવ જઈ શકાય શું ભૂતળે? ૨૧.

જે સુભટ હોય [૮]અજેય કોટિ નરોથી—સૈનિક સર્વથી,
તે વીર સુભટ જિતાય શું સંગ્રામમાં નર એકથી? ૨૨.

---

૧. દુષ્ટાષ્ટ કર્મો = દુષ્ટ આઠ કર્મોને; ખરાબ એવાં આઠ કર્મોને.
૨. આત્મસ્વભાવેતર = આત્મસ્વભાવથી અન્ય.
૩. અવિતથપણે = સત્યપણે; યથાર્થપણે. ૪. જ્ઞાનવિગ્રહ = જ્ઞાનરૂપ શરીરવાળો.
૫. સંલગ્ન = લાગેલ; વળગેલ; જોડાયેલ. ૬. સુરલોક = દેવલોક; સ્વર્ગ.
૭. ક્રોશાર્ધ = અર્ધ કોસ; અર્ધો ગાઉ.
૮. અજેય = ન જીતી શકાય એવો.

તપથી લહે સુરલોક સૌ, પણ ધ્યાનયોગે જે લહે
તે આતમા પરલોકમાં પામે સુશાશ્વત સૌખ્યને. ૨૩.

જ્યમ શુદ્ધતા પામે સુવર્ણ [1]અતીવ શોભન યોગથી,
આત્મા બને પરમાતમા ત્યમ કાળ-આદિક લબ્ધિથી. ૨૪.

[2]દિવ ઠીક વ્રતતપથી, ન હો દુખ [3]ઈતરથી નરકાદિકે;
છાંયે અને તડકે [4]પ્રતીક્ષાકરણમાં બહુ ભેદ છે. ૨૫.

[5]સંસાર-અર્ણવ રુદ્રથી [6]નિઃસરણ ઈચ્છે જીવ જે,
ધ્યાવે [7]કરમ-ઈન્ધન તણા દહનાર નિજ શુદ્ધાત્મને. ૨૬.

સઘળા કષાયો, [8]મોહરાગવિરોધ-મદ-ગારવ તજી,
ધ્યાનસ્થ ધ્યાવે આત્મને, વ્યવહાર લૌકિકથી છૂટી. ૨૭.

ત્રિવિધે તજી મિથ્યાત્વને, અજ્ઞાનને, [9]અઘ-પુણ્યને,
યોગસ્થ યોગી મૌનવ્રતસંપન્ન ધ્યાવે આત્મને. ૨૮.

દેખાય મુજને રૂપ જે તે જાણતું નહિ સર્વથા,
ને જાણનાર [10]ન દૃશ્યમાન; હું બોલું કોની સાથમાં? ૨૯.

---

૧. અતીવ શોભન = અતિ સારા.
૨. દિવ ઠીક વ્રતતપથી = (અવ્રત અને અતપથી નરકાદિ દુઃખ પ્રાપ્ત થાય તેના કરતાં) વ્રતતપથી સ્વર્ગ પ્રાપ્ત થાય તે મુકાબલે સારું છે.
૩. ઈતરથી = બીજાથી (અર્થાત્ અવ્રત અને અતપથી).
૪. પ્રતીક્ષાકરણમાં = રાહ જોવામાં.
૫. સંસાર-અર્ણવ રુદ્રથી = ભયંકર સંસારસમુદ્રથી.
૬. નિઃસરણ = બહાર નીકળવું તે.
૭. કરમ-ઈન્ધન તણા દહનાર = કર્મરૂપી ઈંધણાંને બાળી નાખનાર.
૮. મોહરાગવિરોધ = મોહરાગદ્વેષ.
૯. અઘ-પુણ્યને = પાપને તથા પુણ્યને.
૧૦. ન દૃશ્યમાન = દેખાતો નથી.

આસ્રવ સમસ્ત નિરોધીને ક્ષય પૂર્વકર્મ તણો કરે,
જ્ઞાતા જ બસ રહી જાય છે યોગસ્થ યોગી;–જિન કહે. ૩૦.

યોગી સૂતા વ્યવહારમાં તે જાગતા નિજકાર્યમાં;
જે જાગતા વ્યવહારમાં તે સુપ્ત આતમકાર્યમાં. ૩૧.

ઈમ જાણી યોગી સર્વથા છોડે સકળ વ્યવહારને,
પરમાત્મને ધ્યાવે યથા ઉપદિષ્ટ જિનદેવો વડે. ૩૨.

તું [1]પંચસમિત, [2]ત્રિગુપ્ત ને સંયુક્ત પંચમહાવ્રતે,
[3]રત્નત્રયીસંયુતપણે કર નિત્ય [4]ધ્યાનાધ્યયનને. ૩૩.

રત્નત્રયી આરાધનારો જીવ આરાધક કહ્યો;
આરાધનાનું વિધાન કેવલજ્ઞાનફળદાયક અહો! ૩૪.

છે સિદ્ધ, આત્મા શુદ્ધ છે ને સર્વજ્ઞાનીદર્શી છે,
તું જાણ રે!–જિનવરકથિત આ જીવ કેવળ જ્ઞાન છે. ૩૫.

જે યોગી આરાધે રતનત્રય પ્રગટ જિનવરમાર્ગથી,
તે આત્મને ધ્યાવે અને પર પરિહરે;—શંકા નથી. ૩૬.

જે જાણતું તે જ્ઞાન, દેખે તેહ દર્શન જાણવું,
જે પાપ તેમ જ પુણ્યનો પરિહાર તે ચારિત કહ્યું. ૩૭.

છે તત્ત્વરુચિ સમ્યક્ત્વ, તત્ત્વ તણું [5]ગ્રહણ [6]સદ્‌જ્ઞાન છે,
પરિહાર તે ચારિત્ર છે;—જિનવરવૃષભનિર્દિષ્ટ છે. ૩૮.

---

૧. પંચસમિત = પાંચ સમિતિથી યુક્ત (વર્તતો થકો).

૨. ત્રિગુપ્ત = ત્રણ ગુપ્તિ સહિત (વર્તતો થકો).

૩. રત્નત્રયીસંયુતપણે = રત્નત્રયસંયુક્તપણે.

૪. ધ્યાનાધ્યયન = ધ્યાન તથા અધ્યયન; ધ્યાન તથા શાસ્ત્રાભ્યાસ.

૫. ગ્રહણ = સમજણ; જાણવું તે; જ્ઞાન.

૬. સદ્‌જ્ઞાન = સમ્યગ્જ્ઞાન.

[1]દગશુદ્ધ આત્મા શુદ્ધ છે, દગશુદ્ધ તે મુક્તિ લહે,
દર્શનરહિત જે પુરુષ તે પામે ન ઈચ્છિત લાભને. ૩૯.

[2]જરમરણહર આ સારભૂત ઉપદેશ શ્રદ્ધે સ્પષ્ટ જે,
સમ્યક્ત્વ ભાખ્યું તેહને, હો શ્રમણ કે શ્રાવક ભલે. ૪૦.

જીવ-અજીવ કેરો ભેદ જાણે યોગી જિનવરમાર્ગથી,
સર્વજ્ઞદેવે તેહને સદ્જ્ઞાન ભાખ્યું [3]તથ્યથી. ૪૧.

તે જાણી યોગી પરિહરે છે પાપ તેમ જ પુણ્યને,
ચારિત્ર તે [4]અવિકલ્પ ભાખ્યું કર્મરહિત જિનેશ્વરે. ૪૨.

રત્નત્રયીયુત સંયમી [5]નિજશક્તિતઃ તપને કરે,
શુદ્ધાત્મને ધ્યાતો થકો [6]ઉત્કૃષ્ટ પદને તે વરે. ૪૩.

[7]ત્રણથી [8]ધરી ત્રણ, નિત્ય [9]ત્રિકવિરહિતપણે, [10]ત્રિકયુતપણે,
રહી [11]દોષયુગલવિમુક્ત ધ્યાવે યોગી નિજ પરમાત્મને. ૪૪.

---

૧. દગશુદ્ધ = દર્શનશુદ્ધ; સમ્યગ્દર્શનથી શુદ્ધ.

૨. જરમરણહર = જરા અને મરણનો નાશક.

૩. તથ્યથી = સત્યપણે; અવિતથપણે.

૪. અવિકલ્પ = નિર્વિકલ્પ; વિકલ્પ રહિત.

૫. નિજશક્તિતઃ = પોતાની શક્તિ પ્રમાણે.

૬. ઉત્કૃષ્ટ પદ = પરમ પદ (અર્થાત્ મુક્તિ).

૭. ત્રણથી = ત્રણ વડે (અર્થાત્ મન-વચન-કાયાથી).

૮. ધરી ત્રણ = ત્રણને ધારણ કરીને (અર્થાત્ વર્ષાકાળયોગ, શીતકાળયોગ તથા ગ્રીષ્મકાળયોગને ધારણ કરીને).

૯. ત્રિકવિરહિતપણે = ત્રણથી (અર્થાત્ શલ્યત્રયથી) રહિતપણે.

૧૦. ત્રિકયુતપણે = ત્રણથી સંયુક્તપણે (અર્થાત્ રત્નત્રયથી સહિતપણે).

૧૧. દોષયુગલવિમુક્ત = બે દોષોથી રહિત (અર્થાત્ રાગ-દ્વેષથી રહિત).

જે જીવ માયા-ક્રોધ-મદ પરિવર્જીને, તજી લોભને,
નિર્મળ સ્વભાવે પરિણમે, તે સૌખ્ય ઉત્તમને લહે. ૪૫.

[૧]પરમાત્મભાવનહીન, [૨]રુદ્ર, કષાયવિષયે યુક્ત જે,
તે જીવ [૩]જિનમુદ્રાવિમુખ પામે નહીં શિવસૌખ્યને. ૪૬.

જિનવરવૃષભ-ઉપદિષ્ટ જિનમુદ્રા જ શિવસુખ નિયમથી;
તે નવ રુચે સ્વપ્નેય જેને, તે રહે ભવવન મહીં. ૪૭.

પરમાત્મને ધ્યાતાં શ્રમણ મળજનક લોભ થકી છૂટે,
નૂતન કરમ નહિ આસ્રવે—જિનદેવથી નિર્દિષ્ટ છે. ૪૮.

પરિણત સુદૃઢ-સમ્યક્ત્વરૂપ, લહી સુદૃઢ-ચારિત્રને,
નિજ આત્મને ધ્યાતાં થકાં યોગી પરમ પદને લહે. ૪૯.

ચારિત્ર તે નિજ ધર્મ છે ને ધર્મ નિજ સમભાવ છે,
[૪]તે જીવના [૫]વણરાગરોષ અનન્યમય પરિણામ છે. ૫૦.

નિર્મળ સ્ફટિક પરદ્રવ્યસંગે અન્યરૂપે થાય છે,
ત્યમ જીવ છે નીરાગ પણ અન્યાન્યરૂપે પરિણમે. ૫૧.

જે દેવ-ગુરુના ભક્ત ને સહધર્મીમુનિ-અનુરક્ત[૬] છે,
[૭]સમ્યક્ત્વના વહનાર યોગી ધ્યાનમાં [૮]રત હોય છે. ૫૨.

---

૧. પરમાત્મભાવનહીન = પરમાત્મભાવના રહિત; નિજ પરમાત્મતત્ત્વની ભાવનાથી રહિત. ૨. રુદ્ર = રૌદ્ર પરિણામવાળો.

૩. જિનમુદ્રાવિમુખ = જિનસદૃશ યથાજાત મુનિરૂપથી પરાઙ્મુખ.

૪. તે = નિજ સમભાવ. ૫. વણરાગરોષ = રાગદ્વેષરહિત.

૬. અનુરક્ત = અનુરાગવાળા; વાત્સલ્યવાળા.

૭. સમ્યક્ત્વના વહનાર = સમ્યક્ત્વને ધારી રાખનાર; સમ્યક્ત્વપરિણતિએ પરિણમ્યા કરનાર.

૮. રત = રતિવાળા; પ્રીતિવાળા; રુચિવાળા.

તપ ઉગ્રથી અજ્ઞાની જે કર્મો ખપાવે બહુ ભવે,
જ્ઞાની [૧]ત્રિગુપ્તિક તે કરમ અંતર્મુહૂર્તે ક્ષય કરે. ૫૩.

[૨]શુભ અન્ય દ્રવ્યે રાગથી મુનિ જો કરે [૩]રુચિભાવને,
તો તેહ છે અજ્ઞાની, ને વિપરીત તેથી જ્ઞાની છે. ૫૪.

આસરવહેતુ ભાવ તે શિવહેતુ છે તેના મતે,
તેથી જ તે છે [૪]અજ્ઞ, આત્મસ્વભાવથી વિપરીત છે. ૫૫.

[૫]કર્મજમતિક જે [૬]ખંડદૂષણકર સ્વભાવિકજ્ઞાનમાં,
તે જીવને અજ્ઞાની, [૭]જિનશાસન તણા દૂષક કહ્યા. ૫૬.

જ્યાં જ્ઞાન ચરિતવિહીન છે, તપયુક્ત પણ [૮]દૃગહીન છે,
વળી [૯]અન્ય કાર્યો [૧૦]ભાવહીન, તે લિંગથી સુખ શું અરે? ૫૭.

છે [૧૧]અજ્ઞ, જેહ અચેતને [૧૨]ચેતક તણી શ્રદ્ધા ધરે;
જે ચેતને ચેતક તણી શ્રદ્ધા ધરે, તે જ્ઞાની છે. ૫૮.

---

૧. ત્રિગુપ્તિક = ત્રણ-ગુપ્તિવંત.
૨. શુભ અન્ય દ્રવ્યે = (શુભ ભાવના નિમિત્તભૂત) પ્રશસ્ત પરદ્રવ્યો પ્રત્યે.
૩. રુચિભાવ = 'આ સારું છે, હિતકર છે' એમ એકાકારપણે પ્રીતિભાવ.
૪. અજ્ઞ = અજ્ઞાની.
૫. કર્મજમતિક = કર્મથી ઉત્પન્ન થયેલી બુદ્ધિવાળા; કર્મનિમિત્તક વૈભાવિક બુદ્ધિવાળા (જીવ).
૬. ખંડદૂષણકર સ્વભાવિકજ્ઞાનમાં = સ્વભાવજ્ઞાનને ખંડખંડરૂપ કરીને દૂષિત કરનાર (અર્થાત્ તેને ખંડખંડરૂપ માનીને દૂષણ લગાડનાર).
૭. જિનશાસન તણા દૂષક = જિનશાસનને દૂષિત કરનાર અર્થાત્ દૂષણ લગાડનાર.
૮. દૃગહીન = સમ્યગ્દર્શન રહિત. ૯. અન્ય કાર્યો = બીજી (આવશ્યકાદિ) ક્રિયાઓ. ૧૦. ભાવહીન = શુદ્ધભાવ રહિત.
૧૧. અજ્ઞ = અજ્ઞાની. ૧૨. ચેતક = ચેતનાર; ચેતયિતા; આત્મા.

તપથી રહિત જે જ્ઞાન, જ્ઞાનવિહીન તપ [૬]અકૃતાર્થ છે,
તે કારણે જીવ જ્ઞાનતપસંયુક્ત શિવપદને લહે. ૫૯.

[૭]ધ્રુવસિદ્ધિ શ્રી તીર્થેશ [૮]જ્ઞાનચતુષ્કયુત તપને કરે,
એ જાણી [૯]નિશ્ચિત જ્ઞાનયુત જીવેય તપ કર્તવ્ય છે. ૬૦.

જે બાહ્યલિંગે યુક્ત, આંતરલિંગરહિત ક્રિયા કરે,
તે [૧૦]સ્વકચરિતથી ભ્રષ્ટ, શિવમારગવિનાશક શ્રમણ છે. ૬૧.

[૧૧]સુખસંગ [૧૨]ભાવિત જ્ઞાન તો [૧૩]દુખકાળમાં લય થાય છે,
તેથી [૧૪]યથાબળ [૧૫]દુઃખ સહ ભાવો શ્રમણ નિજ આત્મને. ૬૨.

[૧૬]આસન-અશન-નિદ્રા તણો કરી વિજય, જિનવરમાર્ગથી
ધ્યાતવ્ય છે નિજ આતમા, જાણી [૧૭]શ્રીગુરુપરસાદથી. ૬૩.

છે આતમા સંયુક્ત દર્શન-જ્ઞાનથી, ચારિત્રથી;
નિત્યે અહો! ધ્યાતવ્ય તે, જાણી શ્રીગુરુપરસાદથી. ૬૪.

જીવ જાણવો દુષ્કર પ્રથમ, પછી [૧૮]ભાવના દુષ્કર અરે!
[૧૯]ભાવિતનિજાત્મસ્વભાવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૬૫.

---

૬. અકૃતાર્થ = પ્રયોજન સિદ્ધ ન કરે એવું; અસફળ.
૭. ધ્રુવસિદ્ધિ = જેમની સિદ્ધિ (તે જ ભવે) નિશ્ચિત છે એવા.
૮. જ્ઞાનચતુષ્કયુત = ચાર જ્ઞાન સહિત. ૯. નિશ્ચિત = નક્કી; અવશ્ય.
૧૦. સ્વકચરિત = સ્વચારિત્ર. ૧૧. સુખસંગ = સુખ સહિત; શાતાના યોગમાં.
૧૨. ભાવિત = ભાવવામાં આવેલું.
૧૩. દુખકાળમાં = ઉપસર્ગાદિ દુઃખ આવી પડતાં.
૧૪. યથાબળ = શક્તિ પ્રમાણે. ૧૫. દુઃખ સહ = કાયક્લેશાદિ સહિત.
૧૬. આસન-અશન-નિદ્રા તણો = આસનનો, આહારનો અને ઊંઘનો.
૧૭. શ્રીગુરુપરસાદથી = ગુરુપ્રસાદથી; ગુરુકૃપાથી.
૧૮. ભાવના = આત્માને ભાવવો તે; આત્મસ્વભાવનું ભાવન કરવું તે.
૧૯. ભાવિતનિજાત્મસ્વભાવને = જેણે નિજાત્મભાવને ભાવ્યો છે તે જીવને; જેણે નિજ આત્મસ્વભાવનું ભાવન પ્રાપ્ત કર્યું છે તે જીવને.

આત્મા જણાય ન, જ્યાં લગી વિષયે પ્રવર્તન નર કરે;
[૧]વિષયે વિરક્તમનસ્ક યોગી જાણતા નિજ આત્મને. ૬૬.

નર કોઈ, આતમ જાણી, આતમભાવનાપ્રચ્યુતપણે
[૨]ચતુરંગ સંસારે ભમે વિષયે વિમોહિત મૂઢ એ. ૬૭.

પણ વિષયમાંહી વિરક્ત, આતમ જાણી [૩]ભાવનયુક્ત જે,
[૪]નિઃશંક તે તપગુણસહિત છોડે ચતુર્ગતિભ્રમણને. ૬૮.

પરદ્રવ્યમાં અણુમાત્ર પણ રતિ હોય જેને મોહથી,
તે મૂઢ છે, અજ્ઞાની છે, વિપરીત આત્મસ્વભાવથી. ૬૯.

જે આત્મને ધ્યાવે, [૫]સુદર્શનશુદ્ધ, [૬]દ્રઢચારિત્ર છે,
વિષયે વિરક્તમનસ્ક તે શિવપદ લહે નિશ્ચિતપણે. ૭૦.

પરદ્રવ્ય પ્રત્યે રાગ તો સંસારકારણ છે ખરે;
તેથી શ્રમણ નિત્યે કરો નિજભાવના સ્વાત્મા વિષે. ૭૧.

નિંદા-પ્રશંસાને વિષે, દુઃખો તથા સૌખ્યો વિષે,
શત્રુ તથા મિત્રો વિષે [૭]સમતાથી ચારિત હોય છે. ૭૨.

[૮]આવૃતચરણ, વ્રતસમિતિવર્જિત, શુદ્ધભાવવિહીન જે,
તે કોઈ નર [૯]જલ્પે અરે!—'નહિ ધ્યાનનો આ કાળ છે'. ૭૩.

---

૧. વિષયે વિરક્તમનસ્ક = જેમનું મન વિષયોમાં વિરક્ત છે એવા; વિષયો પ્રત્યે વિરક્ત ચિત્તવાળા.
૨. ચતુરંગ સંસારે = ચતુર્ગતિ સંસારમાં.
૩. ભાવનયુક્ત = આત્મભાવનાથી યુક્ત.
૪. નિઃશંક = ચોક્કસ; ખાતરીથી.
૫. સુદર્શનશુદ્ધ = સમ્યગ્દર્શનથી શુદ્ધ; દર્શનશુદ્ધિવાળા.
૬. દ્રઢચારિત્ર = દ્રઢ ચારિત્રયુક્ત. ૭. સમતા = સમભાવ; સામ્યપરિણામ.
૮. આવૃતચરણ = જેમનું ચારિત્ર અવરાયેલું છે એવા.
૯. જલ્પે = બકવાદ કરે છે; બબડે છે; કહે છે.

સમ્યક્ત્વજ્ઞાનવિહીન, [૧]શિવપરિમુક્ત જીવ અભવ્ય જે,
તે [૨]સુરત ભવસુખમાં કહે—‘નહિ ધ્યાનનો આ કાળ છે’. ૭૪.

ત્રણ ગુપ્તિ, પંચ સમિતિ, પંચ મહાવ્રતે જે મૂઢ છે,
તે મૂઢ [૩]અજ્ઞ કહે અરે!—નહિ ધ્યાનનો આ કાળ છે’. ૭૫.

ભરતે [૪]દુષમકાળેય ધર્મધ્યાન મુનિને હોય છે;
તે હોય છે [૫]આત્મસ્થને; માને ન તે અજ્ઞાની છે. ૭૬.

આજેય [૬]વિમલત્રિરત્ન, નિજને ધ્યાઈ, ઈન્દ્રપણું લહે,
વા દેવ લૌકાંતિક બને, ત્યાંથી ચ્યવી સિદ્ધિ વરે. ૭૭.

જે [૭]પાપમોહિતબુદ્ધિઓ ગ્રહી જિનવરોના લિંગને
પાપો કરે છે, પાપીઓ તે મોક્ષમાર્ગે [૮]ત્યક્ત છે. ૭૮.

જે [૯]પંચવસ્ત્રાસક્ત, પરિગ્રહધારી, [૧૦]યાચનશીલ છે,
છે [૧૧]લીન આધાકર્મમાં, તે મોક્ષમાર્ગે ત્યક્ત છે. ૭૯.

---

૧. શિવપરિમુક્ત = મોક્ષથી સર્વતઃ રહિત.
૨. સુરત ભવસુખમાં = સંસારસુખમાં સારી રીતે રત (અર્થાત્ સંસારસુખમાં અભિપ્રાય-અપેક્ષાએ પ્રીતિવાળો જીવ).
૩. અજ્ઞ = અજ્ઞાની ૪. દુષમકાળ = દુઃષમકાળ અર્થાત્ પંચમ કાળ.
૫. આત્મસ્થ = સ્વાત્મામાં સ્થિત; આત્મસ્વભાવમાં સ્થિત.
૬. વિમલત્રિરત્ન = શુદ્ધરત્નત્રયવાળા; રત્નત્રય વડે શુદ્ધ એવા મુનિઓ
૭. પાપમોહિતબુદ્ધિઓ = જેમની બુદ્ધિ પાપમોહિત છે એવા જીવો.
૮. ત્યક્ત = તજાયેલા; અસ્વીકૃત; નહિ સ્વીકારાયેલા.
૯. પંચવસ્ત્રાસક્ત = પંચવિધ વસ્ત્રોમાં આસક્ત (અર્થાત્ રેશમી; સુતરાઉ વગેરે પાંચ પ્રકારનાં વસ્ત્રો ધારણ કરનાર).
૧૦. યાચનશીલ = યાચનાસ્વભાવવાળા (અર્થાત્ માગીને–માગણી કરીને–આહારાદિ લેનારા)
૧૧. લીન આધાકર્મમાં = અધઃકર્મમાં રત (અર્થાત્ અધઃકર્મરૂપ દોષવાળો આહાર લેનારા).

નિર્મોહ, વિજિતકષાય, [૧]બાવીશ-પરિષહી, નિર્ગ્રંથ છે,
છે મુક્ત પાપારંભથી, તે મોક્ષમાર્ગે [૨]ગૃહીત છે. ૮૦.

છું એકલો હું, કોઈ પણ મારાં નથી લોકત્રયે,
—એ ભાવનાથી યોગીઓ પામે સુશાશ્વત સૌખ્યને. ૮૧.

જે દેવ-ગુરુના ભક્ત છે, [૩]નિર્વેદશ્રેણી ચિંતવે,
જે ધ્યાનરત, [૪]સુચરિત્ર છે, તે મોક્ષમાર્ગે ગૃહિત છે. ૮૨.

નિશ્ચયનયે—જ્યાં આતમા [૫]આત્માર્થ આત્મામાં રમે,
તે યોગી છે સુચરિત્રસંયુત; તે લહે નિર્વાણને. ૮૩.

છે યોગી, [૬]પુરુષાકાર, જીવ [૭]વરજ્ઞાનદર્શનપૂર્ણ છે;
[૮]ધ્યાનાર યોગી પાપનાશક [૯]દ્વંદ્વવિરહિત હોય છે. ૮૪.

શ્રમણાર્થ જિન-ઉપદેશ ભાખ્યો, શ્રાવકાર્થ સુણો હવે,
સંસારનું હરનાર [૧૦]શિવ-કરનાર કારણ પરમ એ. ૮૫.

ગ્રહી મેરુપર્વત-સમ અકંપ સુનિર્મળા સમ્યક્ત્વને,
હે શ્રાવકો! દુખનાશ અર્થે ધ્યાનમાં ધ્યાતવ્ય તે. ૮૬.

---

૧. બાવીશ-પરિષહી = બાવીશ પરિષહોને સહનારા.

૨. ગૃહીત = ગ્રહવામાં આવેલા; સ્વીકારવામાં આવેલા; સ્વીકૃત; અંગીકૃત.

૩. નિર્વેદશ્રેણી = વૈરાગ્યની પરંપરા; વૈરાગ્યભાવનાઓની હારમાળા.

૪. સુચરિત્ર = સારા ચારિત્રવાળા; સત્ચારિત્રયુક્ત.

૫. આત્માર્થ = આત્મા અર્થે; આત્મા માટે.

૬. પુરુષાકાર = પુરુષના આકારે.

૭. વરજ્ઞાનદર્શનપૂર્ણ = (સ્વભાવે) ઉત્તમ જ્ઞાનદર્શનથી પરિપૂર્ણ.

૮. ધ્યાનાર = એવા જીવને–આત્માને–જે ધ્યાવે છે તે.

૯. દ્વંદ્વવિરહિત = નિર્દ્વંદ્વ; (રાગદ્વેષાદિ) દ્વંદ્વથી રહિત.

૧૦. શિવ કરનાર = મોક્ષનું કરનારું; સિદ્ધિકર.

સમ્યક્ત્વને જે જીવ ધ્યાવે તે સુદ્રષ્ટિ હોય છે,
સમ્યક્ત્વપરિણત વર્તતો દુષ્ટાષ્ટકર્મો ક્ષય કરે. ૮૭.

બહુ કથનથી શું? [૧]નરવરો [૨]ગત કાળ જે [૩]સિદ્ધ્યા અહો!
જે સિદ્ધશે ભવ્યો હવે, સમ્યક્ત્વમહિમા જાણવો. ૮૮.

નર ધન્ય તે, [૪]સુકૃતાર્થ તે, પંડિત અને શૂરવીર તે,
સ્વપ્નેય મલિન કર્યું ન જેણે [૫]સિદ્ધિકર સમ્યક્ત્વને. ૮૯.

[૬]હિંસાસુવિરહિત ધર્મ, દોષ અઢાર વર્જિત દેવનું,
નિર્ગ્રંથ પ્રવચન કેરું જે શ્રદ્ધાન તે સમકિત કહ્યું. ૯૦.

સમ્યક્ત્વ તેને, જેહ માને [૭]લિંગ પરનિરપેક્ષને,
[૮]રૂપે યથાજાતક, [૯]સુસંયત, સર્વસંગવિમુક્તને. ૯૧.

જે દેવ [૧૦]કુત્સિત, ધર્મ કુત્સિત, લિંગ કુત્સિત વંદતા,
ભય, શરમ વા ગારવ થકી, તે જીવ છે મિથ્યાત્વમાં. ૯૨.

વંદન અસંયત, [૧૧]રક્ત દેવો, લિંગ [૧૨]સપરાપેક્ષને,
—એ માન્ય હોય કુદ્રષ્ટિને, નહિ શુદ્ધ સમ્યગ્દ્રષ્ટિને. ૯૩.

---

૧. નરવરો = ઉત્તમ પુરુષો. ૨. ગત કાળ = ભૂતકાળમાં; પૂર્વે.
૩. સિદ્ધ્યા = સિદ્ધ થયા; મોક્ષ પામ્યા.
૪. સુકૃતાર્થ = જેમણે પ્રયોજનને સારી રીતે સિદ્ધ કર્યું છે એવા; સુકૃતકૃત્ય.
૫. સિદ્ધિકર = સિદ્ધિ કરનાર; મોક્ષ કરનાર.
૬. હિંસા સુવિરહિત = હિંસારહિત.
૭. લિંગ પરનિરપેક્ષને = પરથી નિરપેક્ષ એવા (અંતર્બાહ્ય) લિંગને; પરને નહિ અવલંબનારા એવા લિંગને.
૮. રૂપે યથાજાતક = (આંતરલિંગ-અપેક્ષાએ) યથાનિષ્પન્ન—સહજ—સ્વાભાવિક—નિરુપાધિક રૂપવાળા; (બાહ્યલિંગ-અપેક્ષાએ) જન્મ્યા પ્રમાણેના રૂપવાળા.
૯. સુસંયત = સારી રીતે સંયત; સુસંયમયુક્ત. ૧૦. કુત્સિત = નિંદિત; ખરાબ; અધમ. ૧૦. રક્ત = રાગી. ૧૨. સપરાપેક્ષ = પરની અપેક્ષાવાળા.

સમ્યક્ત્વયુત શ્રાવક કરે જિનદેવદેશિત ધર્મને;
વિપરીત તેથી જે કરે, કુદ્રષ્ટિ તે જ્ઞાતવ્ય છે. ૯૪.

દ્રષ્ટિ જે, તે સુખવિહીન પરિભ્રમે સંસારમાં,
જર-જન્મ-મરણપ્રચુરતા, દુખગણસહસ્ર ભર્યાં જિહાં. ૯૫.

'સમ્યક્ત્વ ગુણ, મિથ્યાત્વ દોષ' તું એમ મન સુવિચારીને,
કર તે તને જે મન રુચે; બહુ કથન શું કરવું અરે? ૯૬.

નિર્ગ્રંથ, બાહ્ય અસંગ, પણ નહિ ત્યક્ત મિથ્યાભાવ જ્યાં,
જાણે ન તે સમભાવ નિજ; શુ [1]સ્થાન-મૌન કરે તિહાં? ૯૭.

જે મૂળગુણને છેદીને મુનિ બાહ્યકર્મો આચરે,
પામે ન શિવસુખ [2]નિશ્ચયે [3]જિનકથિત-લિંગ-વિરાધને. ૯૮.

બહિરંગ કર્મો શું કરે? ઉપવાસ બહુવિધ શું કરે?
રે! શું કરે આતાપના?—આત્મસ્વભાવવિરુદ્ધ જે. ૯૯.

પુષ્કળ ભણે શ્રુતને ભલે, ચારિત્ર બહુવિધ આચરે,
છે બાળશ્રુત ને બાળચારિત, આત્મથી વિપરીત જે. ૧૦૦.

છે સાધુ જે વૈરાગ્યપર ને વિમુખ પરદ્રવ્યો વિષે,
ભવસુખવિરક્ત, સ્વકીય શુદ્ધ સુખો વિષે અનુરક્ત જે. ૧૦૧.

[4]આદેયહેય-સુનિશ્ચયી, [5]ગુણગણવિભૂષિત-અંગ જે,

---

૧. સ્થાન = નિશ્ચળપણે ઊભા રહેવું તે; ઊભાં ઊભાં કાર્યોત્સર્ગસ્થિત રહેવું તે; એક આસને નિશ્ચળ રહેવું તે.

૨. નિશ્ચયે = નક્કી.

૩. જિનકથિત-લિંગ-વિરાધને = જિનકથિત લિંગની વિરાધના કરતો હોવાથી.

૪. આદેયહેય-સુનિશ્ચયી = ઉપાદેય અને હેયનો જેમણે નિશ્ચય કરેલો છે એવા.

૫. ગુણગણ વિભૂષિત-અંગ = ગુણોના સમૂહથી સુશોભિત અંગવાળા.

પ્રણમે [૧]પ્રણત જન, [૨]ધ્યાત જન ધ્યાવે નિરંતર જેહને,
તું જાણ તત્ત્વ [૩]તનસ્થ તે, જે [૪]સ્તવનપ્રાપ્ત જનો સ્તવે. ૧૦૩.

અર્હંત-સિદ્ધાચાર્ય-અધ્યાપક-શ્રમણ—પરમેષ્ઠી જે,
પાંચેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૪.

સમ્યક્ત્વ, સમ્યગ્જ્ઞાન, સત્ચારિત્ર, સત્તપચરણ જે,
ચારેય છે આત્મા મહીં; આત્મા શરણ મારું ખરે. ૧૦૫.

આ જિનનિરૂપિત મોક્ષપ્રાભૃત-શાસ્ત્રને સદ્ભક્તિએ
જે પઠન-શ્રવણ કરે અને ભાવે, લહે સુખ નિત્યને. ૧૦૬.

❖

૧. પ્રણત જન = બીજાઓ વડે જેમને પ્રણમવામાં આવે છે તે જનો.
૨. ધ્યાત જન = બીજાઓ વડે જેમને ધ્યાવામાં આવે છે તે જનો.
૩. તનસ્થ = દેહસ્થ; શરીરમાં રહેલ.
૪. સ્તવનપ્રાપ્ત જનો = બીજાઓ વડે જેમને સ્તવવામાં આવે છે તે જનો.

# ૭. લિંગપ્રાભૃત

જે જીવ મુનિનું બાહ્યલિંગ ધારણ કરીને અતિ ભ્રષ્ટાચારીપણે વર્તે છે, તેનું અતિ નિકૃષ્ટપણું અને નિંદ્યપણું આ પ્રાભૃતમાં દર્શાવ્યું છે.

કરીને નમન ભગવંત શ્રી અર્હંતને, શ્રી સિદ્ધને,
ભાખીશ હું સંક્ષેપથી મુનિલિંગપ્રાભૃતશાસ્ત્રને. ૧.

હોયે ધરમથી લિંગ, ધર્મ ન લિંગમાત્રથી હોય છે;
રે! ભાવધર્મ તું જાણ, તારે લિંગથી શું કાર્ય છે? ૨.

જે [1]પાપમોહિતબુદ્ધિ, જિનવરલિંગ ધરી, [2]લિંગિત્વને;
ઉપહસિત કરતો, તે [3]વિઘાતે [4]લિંગીઓના લિંગને. ૩.

જે લિંગ ધારી નૃત્ય, ગાયન, વાદ્યવાદનને કરે,
તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૪.

જે સંગ્રહે, રક્ષે [5]બહુશ્રમપૂર્વ, ધ્યાવે [6]આર્તને,
તે પાપમોહિતબુદ્ધિ છે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૫.

[7]દ્યૂત જે રમે, બહુમાન-ગર્વિત વાદ-કલહ સદા કરે,
લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૬.

---

૧. પાપમોહિતબુદ્ધિ = જેની બુદ્ધિ પાપમોહિત છે એવો પુરુષ.

૨. લિંગિત્વને ઉપહસિત કરતો = લિંગીપણાનો ઉપહાસ કરે છે; લિંગીભાવની મશ્કરી કરે છે; મુનિપણાની મજાક કરે છે.

૩. વિઘાતે = ઘાત કરે છે; નષ્ટ કરે છે; હાનિ પહોંચાડે છે.

૪. લિંગીઓ = મુનિઓ; સાધુઓ; શ્રમણો.

૫. બહુશ્રમપૂર્વ = બહુ શ્રમપૂર્વક; ઘણા પ્રયત્નથી.

૬. આર્ત = આર્તધ્યાન.

૭. દ્યૂત = જુગાર.

જે [1]પાપ-ઉપહતભાવ સેવે લિંગમાં અબ્રહ્મને,
તે પાપમોહિતબુદ્ધિને પરિભ્રમણ [2]સંસૃતિકાનને. ૭.

જ્યાં લિંગરૂપે જ્ઞાનદર્શનચરણનું ધારણ નહીં,
ને ધ્યાન ધ્યાવે આર્ત, તેહ અનંતસંસારી મુનિ. ૮.

જોડે વિવાહ, કરે કૃષિ-વ્યાપાર-જીવવિઘાત જે,
લિંગીરૂપે કરતો થકો પાપી નરકગામી બને. ૯.

ચોરો-લબાડોને લડાવે, તીવ્ર પરિણામો કરે,
ચોપાટ-આદિક જે રમે, લિંગી નરકગામી બને. ૧૦.

દ્રગજ્ઞાનચરણે, નિત્યકર્મે, તપનિયમસંયમ વિષે
જે વર્તતો પીડા કરે, લિંગી નરકગામી બને. ૧૧.

જે ભોજને રસગૃદ્ધિ કરતો વર્તતો કામાદિકે,
માયાવી લિંગવિનાશી તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૨.

[3]પિંડાર્થ જે દોડે અને કરી કલહ ભોજન જે કરે,
ઈર્ષા કરે જે અન્યની, જિનમાર્ગનો નહિ શ્રમણ તે. ૧૩.

[4]અણદત્તનું જ્યાં ગ્રહણ, જે [5]અસમક્ષ પરનિંદા કરે,
જિનલિંગધારક હો છતાં તે શ્રમણ ચોર સમાન છે. ૧૪.

[6]લિંગાત્મ ઈર્યાસમિતિનો ધારક છતાં કૂદે, પડે,
દોડે, ઉખાડે ભોંય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૫.

---

૧. પાપ-ઉપહતભાવ = પાપથી જેનો ભાવ હણાયેલો છે એવો પુરુષ.

૨. સંસૃતિકાનને = સંસારરૂપી વનમાં.

૩. પિંડાર્થ = આહાર અર્થે; ભોજનપ્રાપ્તિ માટે.

૪. અણદત્ત = અદત્ત; અણદીધેલ; નહિ દેવામાં આવેલ.

૫. અસમક્ષ = પરોક્ષપણે; અપ્રત્યક્ષપણે; અસમીપપણે; છાની રીતે.

૬. લિંગાત્મ = લિંગરૂપ; મુનિલિંગસ્વરૂપ.

જે અવગણીને બંધ, ખાંડે ધાન્ય, ખોદે પૃથ્વીને,
બહુ વૃક્ષ છેદે જેહ, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૬.

સ્ત્રીવર્ગ પર નિત રાગ કરતો, દોષ દે છે અન્યને,
દૃગજ્ઞાનથી જે શૂન્ય, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૭.

દીક્ષાવિહીન ગૃહસ્થ ને શિષ્યે ધરે બહુ સ્નેહ જે,
આચાર-વિનયવિહીન, તે તિર્યંચયોનિ, ન શ્રમણ છે. ૧૮.

ઈમ વર્તનારો સંયતોની મધ્ય નિત્ય રહે ભલે,
ને હોય [1]બહુશ્રુત, તોય [2]ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૧૯.

સ્ત્રીવર્ગમાં [3]વિશ્વસ્ત દે છે જ્ઞાન-દર્શન-ચરણ જે,
પાર્શ્વસ્થથી પણ હીન ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૦.

[4]અસતીગૃહે ભોજન, [5]કરે સ્તુતિ નિત્ય, પોષે [6]પિંડ જે,
અજ્ઞાનભાવે યુક્ત ભાવવિનષ્ટ છે, નહિ શ્રમણ છે. ૨૧.

એ રીત સર્વજ્ઞે કથિત આ લિંગપ્રાભૃત જાણીને,
જે ધર્મ પાળે [7]કષ્ટ સહ, તે સ્થાન ઉત્તમને લહે. ૨૨.

*

---

૧. બહુશ્રુત = બહુ શાસ્ત્રોનો જાણનાર; વિદ્વાન.

૨. ભાવવિનષ્ટ = ભાવભ્રષ્ટ; ભાવશૂન્ય; શુદ્ધભાવથી (દર્શનજ્ઞાનચારિત્રથી) રહિત.

૩. વિશ્વસ્ત = (૧) વિશ્વાસુપણે અર્થાત્ (સ્ત્રીવર્ગનો) વિશ્વાસ કરીને; નિર્ભયપણે; (૨) વિશ્વસનીયપણે અર્થાત્ (સ્ત્રીવર્ગમાં) વિશ્વાસ ઉપજાવીને.

૪. અસતીગૃહે = વ્યભિચારિણી સ્ત્રીના ઘરે.

૫. કરે સ્તુતિ નિત્ય = હંમેશા તેની પ્રશંસા કરે છે.

૬. પિંડ = શરીર.

૭. કષ્ટ સહ = કષ્ટ સહિત; પ્રયત્નપૂર્વક.

# ૮. શીલપ્રાભૃત

જ્ઞાન વિના (–સમ્યગ્જ્ઞાન વિના) જે કદી હોતું નથી એવા શીલનાં (–સત્શીલનાં) તત્ત્વજ્ઞાનગંભીર સુમધુર ગુણગાન આ પ્રાભૃતમાં જિનકથન અનુસાર ગાયાં છે.

[૧]વિસ્તીર્ણલોચન, [૨]રક્તકજકોમલ-સુપદ શ્રી વીરને
ત્રિવિધે કરીને વંદના, હું વર્ણવું શીલગુણને. ૧.

ન વિરોધ ભાખ્યો જ્ઞાનીઓએ શીલને ને જ્ઞાનને;
વિષયો કરે છે નષ્ટ કેવળ શીલવિરહિત જ્ઞાનને. ૨.

દુષ્કર જણાવું જ્ઞાનનું, પછી ભાવના દુષ્કર અરે!
વળી ભાવનાયુત જીવને દુષ્કર વિષયવૈરાગ્ય છે. ૩.

જાણે ન આત્મા જ્ઞાનને, વર્તે વિષયવશ જ્યાં લગી;
નહિ [૩]ક્ષપણ પૂરવકર્મનું કેવળ વિષયવૈરાગ્યથી. ૪.

જે જ્ઞાન ચરણવિહીન, ધારણ લિંગનું દગહીન જે,
તપચરણ જે સંયમસુવિરહિત, તે બધુંય [૪]નિરર્થ છે. ૫.

જે જ્ઞાન ચરણવિશુદ્ધ, ધારણ લિંગનું [૫]દગશુદ્ધ જે,
તપ જે [૬]સસંયમ, તે ભલે થોડું, મહાફળયુક્ત છે. ૬.

નર કોઈ, જાણી જ્ઞાનને, આસક્ત રહી વિષયાદિકે,
ભટકે ચતુર્ગતિમાં અરે! વિષયે વિમોહિત મૂઢ એ. ૭.

---

૧. વિસ્તીર્ણલોચન = (૧) વિશાળ નેત્રવાળા; (૨) વિસ્તૃત દર્શનજ્ઞાનવાળા.

૨. રક્તકજકોમલ-સુપદ = લાલ કમળ જેવાં કોમળ જેમનાં સુપદ (સુંદર ચરણો અથવા રાગદ્વેષરહિત વચનો) છે એવા.

૩. ક્ષપણ = ક્ષય કરવો તે; નાશ કરવો તે. ૪. નિરર્થ = નિરર્થક; નિષ્ફળ.

૫. દગશુદ્ધ = સમ્યગ્દર્શન વડે શુદ્ધ. ૬. સસંયમ = સંયમ સહિત.

પણ વિષયમાંહિ વિરક્ત, જાણી જ્ઞાન, ભાવનયુક્ત જે,
નિઃશંક તે તપગુણસહિત છેદે ચતુર્ગતિભ્રમણને. ૮.

ધમતાં લવણ-ખડીલેપપૂર્વક કનક નિર્મળ થાય છે,
ત્યમ જીવ પણ સુવિશુદ્ધ [૧]જ્ઞાનસલિલથી નિર્મળ બને. ૯.

જે જ્ઞાનથી ગર્વિત બની વિષયો મહીં રાચે જનો,
તે જ્ઞાનનો નહિ દોષ, દોષ કુપુરુષ મંદમતિ તણો. ૧૦.

સમ્યક્ત્વસંયુત જ્ઞાન, દર્શન, તપ અને ચારિત્રથી
ચારિત્રશુદ્ધ જીવો કરે ઉપલબ્ધિ [૨]પરિનિર્વાણની. ૧૧.

જે શીલને રક્ષે, સુદર્શનશુદ્ધ, દઢચારિત્ર જે,
જે વિષયમાંહી [૩]વિરક્તમન, નિશ્ચિત લહે નિર્વાણને. ૧૨.

છે [૪]ઈષ્ટદર્શી માર્ગમાં, હો વિષયમાં મોહિત ભલે;
ઉન્માર્ગદર્શી જીવનું જે જ્ઞાન તેય નિરર્થ છે. ૧૩.

[૫]દુર્મત-કુશાસ્ત્રપ્રશંસકો જાણે વિવિધ શાસ્ત્રો ભલે,
વ્રત-શીલ-જ્ઞાનવિહીન છે તેથી ન આરાધક ખરે. ૧૪.

હો રૂપશ્રીગર્વિત, ભલે લાવણ્યયૌવનકાન્તિ હો,
માનવજનમ છે નિષ્પ્રયોજન શીલગુણવર્જિત તણો. ૧૫.

વ્યાકરણ, છંદો, ન્યાય, વૈશેષિક, વ્યવહારાદિનાં
શાસ્ત્રો તણું હો જ્ઞાન તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૧૬.

રે! શીલગુણમંડિત ભવિકના દેવ વલ્લભ હોય છે;
લોકે કુશીલ જનો, ભલે શ્રુતપારગત હો, તુચ્છ છે. ૧૭.

---

૧. જ્ઞાનસલિલ = જ્ઞાનજળ; જ્ઞાનરૂપી નીર.
૨. પરિનિર્વાણ = મોક્ષ. ૩. વિરક્તમન = વિરક્ત મનવાળા.
૪. ઈષ્ટદર્શી = ઈષ્ટને દેખનાર; હિતને શ્રદ્ધનાર; સન્માર્ગની શ્રદ્ધાવાળા.
૫. દુર્મત = કુમત.

સૌથી ભલે હો [૧]હીન, [૨]રૂપવિરૂપ, યૌવનભ્રષ્ટ હો,
[૩]માનુષ્ય તેનું છે [૪]સુજીવિત, શીલ જેનું સુશીલ હો. ૧૮.

પ્રાણીદયા, દમ, સત્ય, બ્રહ્મ, અચૌર્ય ને સંતુષ્ટતા,
સમ્યક્ત્વ, જ્ઞાન, તપશ્ચરણ છે શીલના પરિવારમાં. ૧૯.

છે શીલ તે તપ શુદ્ધ, તે દ્રગશુદ્ધિ, જ્ઞાનવિશુદ્ધિ છે,
છે શીલ [૫]અરિ વિષયો તણો ને શીલ [૬]શિવસોપાન છે. ૨૦.

વિષ ઘોર જંગમ-સ્થાવરોનું નષ્ટ કરતું સર્વને,
પણ [૭]વિષયલુબ્ધ તણું વિઘાતક વિષયવિષ અતિરૌદ્ર છે. ૨૧.

વિષવેદનાહત જીવ એક જ વાર પામે મરણને,
પણ વિષયવિષહત જીવ તો [૮]સંસારકાંતારે ભમે. ૨૨.

બહુ વેદના નરકો વિષે, દુઃખો મનુજ-તિર્યંચમાં,
દેવેય [૯]દુર્ભગતા લહે વિષયાવલંબી આતમા. ૨૩.

[૧૦]તુષ દૂર કરતાં જે રીતે કંઈ [૧૧]દ્રવ્ય નરનું ન જાય છે,
તપશીલવંત [૧૨]સુકુશલ, [૧૩]ખળ માફક, વિષયવિષને તજે. ૨૪.

---

૧. હીન = હીણા (અર્થાત્ કુલાદિ બાહ્ય સંપત્તિ અપેક્ષાએ હલકા).
૨. રૂપવિરૂપ = રૂપે વિરૂપ; રૂપ-અપેક્ષાએ કુરૂપ.
૩. માનુષ્ય = મનુષ્યપણું (અર્થાત્ મનુષ્યજીવન).
૪. સુજીવિત = સારી રીતે જિવાયેલું; પ્રશંસનીયપણે—સફળપણે જીવવામાં આવેલું. ૫. અરિ = વેરી; શત્રુ.
૬. શિવસોપાન = મોક્ષનું પગથિયું.
૭. વિષયલુબ્ધ તણું વિઘાતક = વિષયલુબ્ધ જીવોનો ઘાત કરનારું (અર્થાત્ તેમનું અત્યંત બૂરું કરનારું). ૮. સંસારકાંતારે = સંસારરૂપી મોટા ભયંકર વનમાં.
૯. દુર્ભગતા = દુર્ભાગ્ય. ૧૦. તુષ દૂર કરતાં = ધાન્યમાંથી ફોતરાં વગેરે કચરો કાઢી નાખતાં. ૧૧. દ્રવ્ય = વસ્તુ (અર્થાત્ ધાન્ય).
૧૨. સુકુશલ = કુશળ અર્થાત્ પ્રવીણ પુરુષ. ૧૩. ખળ = વસ્તુનો રસકસ વિનાનો નકામો ભાગ—કચરો; સત્ત્વ કાઢી લેતાં બાકી રહેતા કૂચા.

છે ભદ્ર, ગોળ, વિશાળ ને ખંડાત્મ અંગ શરીરમાં,
તે સર્વ હોય સુપ્રાપ્ત તોપણ શીલ ઉત્તમ સર્વમાં. ૨૫.

દુર્મતવિમોહિત વિષયલુબ્ધ જનો ઇતરજન સાથમાં
[1]અરઘટ્ટિકાના ચક્ર જેમ પરિભ્રમે સંસારમાં. ૨૬.

જે કર્મગ્રંથિ વિષયરાગે બદ્ધ છે આત્મા વિષે,
તપચરણ-સંયમ-શીલથી સુકૃતાર્થ છેદે તેહને. ૨૭.

તપ-દાન-શીલ-સુવિનય—રત્નસમૂહ સહ, જલધિ સમો,
[2]સોહંત [3]જીવ સશીલ પામે શ્રેષ્ઠ શિવપદને અહો! ૨૮.

દેખાય છે શું મોક્ષ સ્ત્રી-પશુ-ગાય-ગર્દભ-શ્વાનનો?
જે [4]તુર્યને સાધે, લહે છે મોક્ષ;—દેખો સૌ જનો. ૨૯.

જો મોક્ષ સાધિત હોત [5]વિષયવિલુબ્ધ જ્ઞાનધરો વડે,
દશપૂર્વધર પણ સાત્યકિસુત કેમ પામત નરકને? ૩૦.

જો શીલ વિણ બસ જ્ઞાનથી કહી હોય શુદ્ધિ જ્ઞાનીએ,
દશપૂર્વધરનો ભાવ કેમ થયો નહીં નિર્મળ અરે? ૩૧.

[6]વિષયે વિરક્ત કરે [7]સુસહ અતિ-ઉગ્ર નારકવેદના
ને પામતા અર્હંતપદ;—વીરે કહ્યું જિનમાર્ગમાં. ૩૨.

[8]અત્યક્ષ-શિવપદપ્રાપ્તિ આમ ઘણા પ્રકારે શીલથી
પ્રત્યક્ષદર્શનજ્ઞાનધર લોકજ્ઞ જિનદેવે કહી. ૩૩.

---

૧. અરઘટ્ટિકા = રેંટ. ૨. સોહંત = સોહતો; શોભતો.

૩. જીવ સશીલ = શીલસહિત જીવ; શીલવાન જીવ.

૪. તુર્યને = ચતુર્થને (અર્થાત્ મોક્ષરૂપ ચોથા પુરુષાર્થને).

૫. વિષયવિલુબ્ધ = વિષયલુબ્ધ; વિષયોના લોલુપ.

૬. વિષયે વિરક્ત = વિષયવિરક્ત જીવો.

૭. સુસહ = સહેલાઈથી સહન થાય એવી (અર્થાત્ હળવી).

૮. અત્યક્ષ = અતીંદ્રિય; ઈંદ્રિયાતીત.

સમ્યક્ત્વ-દર્શન-જ્ઞાન-તપ-વીર્યાચરણ આત્મા વિષે,
પવને સહિત [૧]પાવક સમાન, [૨]દહે [૩]પુરાતન કર્મને. ૩૪.

[૪]વિજિતેન્દ્રિ વિષયવિરક્ત થઈ, ધરીને વિનય-તપ-શીલને,
[૫]ધીરા [૬]દહી વસુ કર્મ, શિવગતિપ્રાપ્ત સિદ્ધપ્રભુ બને. ૩૫.

જે શ્રમણ કેરું જન્મતરુ લાવણ્ય-શીલસમૃદ્ધ છે,
તે શીલધર છે, છે મહાત્મા, લોકમાં ગુણ વિસ્તરે. ૩૬.

દ્રગશુદ્ધિ, જ્ઞાન, સમાધિ, ધ્યાન સ્વશક્તિ-આશ્રિત હોય છે,
સમ્યક્ત્વથી જીવો લહે છે [૭]બોધિને જિનશાસને. ૩૭.

જિનવચનનો ગ્રહી સાર, વિષયવિરક્ત ધીર તપોધનો,
કરી સ્નાન [૮]શીલસલિલથી, સુખ સિદ્ધિનું પામે અહો! ૩૮.

[૯]આરાધનાપરિણત સરવ ગુણથી કરે [૧૦]કૃશ કર્મને,
સુખદુખરહિત [૧૧]મનશુદ્ધ તે ક્ષેપે કરમરૂપ ધૂળને. ૩૯.

અર્હંતમાં શુભ ભક્તિ શ્રદ્ધાશુદ્ધિયુત સમ્યક્ત્વ છે,
ને શીલ વિષયવિરાગતા છે; જ્ઞાન બીજું કયું હવે? ૪૦.

---

૧. પાવક = અગ્નિ.
૨. દહે = બાળે.
૩. પુરાતન = જૂનાં.
૪. વિજિતેન્દ્રિ = જિતેન્દ્રિય.
૫. ધીરા = ધીર પુરુષો.
૬. દહી વસુ કર્મ = આઠ કર્મને બાળીને.
૭. બોધિ = રત્નત્રયપરિણતિ.
૮. શીલસલિલ = શીલરૂપી જળ.
૯. આરાધનાપરિણત = આરાધનારૂપે પરિણમેલા પુરુષો.
૧૦. કૃશ = નબળાં; પાતળાં; ક્ષીણ.
૧૧. મનશુદ્ધ = શુદ્ધ મનવાળા (અર્થાત્ શુદ્ધ પરિણતિવાળા).


અનુભૂતિ તીર્થ મહાન, સ્વર્ણપુરી સોહે
યહ કહાનગુરુ વરદાન, મંગલ મુક્તિ મિલે.